Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com


**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




# આત્મધર્મ

## સાધકનું વહાણ સિદ્ધપુરીમાં ચાલ્યું જાય છે


ધ્રુવ ચૈતન્યસ્વભાવને ધ્યેયરૂપ બનાવીને તેને સાધતાં સાધતાં મહાવીર પરમાત્મા દીપાવલીના દિને સિદ્ધપુરીમાં પહોંચ્યા. સિદ્ધભગવાન જેવા પોતાના આત્માને ઓળખીને સાધકનું વહાણ મોક્ષપુરીમાં ચાલ્યું જાય છે. જેમ દરિયામાં ધ્રુવ તારાના લક્ષે વહાણ ચાલ્યા જાય છે તેમ સંસાર– સમુદ્રમાં ધ્રુવ ચૈતન્યના વિશ્વાસે સાધકના વહાણ તરી જાય છે. ધ્રુવ ચૈતન્ય–સ્વભાવને જ દૃષ્ટિના ધ્યેયરૂપ રાખીને સાધક આત્માના વહાણ નિઃશંકપણે સિદ્ધપુરીમાં ચાલ્યા જાય છે.





તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર
વીર સં. ૨૫૦૨, આસો ( લવાજમ : છ રૂપિયા ) વર્ષ ૩૩ : અંક ૧૨


(૩૯૬)



[ પરમાત્મપ્રકાશની ગાથા ૧૧૨ પર પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાંથી, તા. ૧૮–૯–૭૬ ]

હે જીવ ! જેમાં તારી રુચિ હશે તે પ્રમાણે ગતિ થશે, કેમ કે ભવિષ્યમાં પણ અનંતકાળ તારે રહેવાનું તો છે જ, તો દેહ છૂટીને ક્યાં રહીશ ?–કે જેવી તારી રુચિ હશે, જેવી તારી મતિ હશે, તેવી ગતિ પામશે. જો તારી મતિ રાગ અને પરમાં નહીં હોય ને ચૈતન્ય–સ્વરૂપમાં હશે તો મરીને તને આત્મા પ્રાપ્ત થશે, અને જો તારી મતિ રાગ અને પરમાં હશે તો મરીને તને સંસારમાં રખડવાનું પ્રાપ્ત થશે. માટે હે જીવ ! તારી મતિ રાગ અને પરમાં ન લગાવ.

ભગવાન આત્માને શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિથી જોવે તો તારું દ્રવ્ય ત્રિકાળી શુદ્ધ છે. જેમાં રાગ અને એક સમયની પર્યાય પણ નથી, જે ઘડયા વિનાનો ઘાટ છે અર્થાત્ રાગ અને વિકલ્પથી રહિત ટંકોત્કીર્ણ ભગવાન આત્મા છે. અનંતગુણોનો અમૂર્તિક પદાર્થ છે, જ્ઞાયકસ્વભાવ છે, જાણન.... જાણન... જાણન જેનો સ્વભાવ છે, ત્યાં મતિ લગાડવી. વીતરાગી જ્ઞાયકસ્વભાવ કે જેમાં દેવ–શાસ્ત્ર–ગુરુનો રાગ પણ નથી. દેહ–વાણી–મન પણ જેમાં નથી, એવો સદા આનંદ–કંદ પ્રભુ છે. મતિ ત્યાં લગાવ, તો તારું કલ્યાણ થશે. એ સિવાય કલ્યાણ થશે નહીં.

( અનુસંધાન પાનું ૮ પર )

વાર્ષિક
લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૩
અંક ૧૨




વીર સં.
૨૫૦૨
: આસો :
A.D. 1976
OCTO.

## અધ્યાત્મનું સૂક્ષ્મ રહસ્ય :

### ભાવલિંગ પણ જીવનું સ્વરૂપ નથી

卐 卐 卐 卐

સ્ત્રી–પુત્ર–મિત્ર–ધનાદિ તો ક્યાંય રહ્યાં પણ નગ્ન–દિગમ્બરદશા પણ આત્માનું સ્વરૂપ નથી. અરે! સાચી ભાવલિંગદશા–આનંદના સાગરમાં હિલોળા મારતી ભાવલિંગદશા તે પણ પરમ સૂક્ષ્મ શુદ્ધ નિશ્ચયનયથી જીવનું વાસ્તવિક સ્વરૂપ નથી, તેને ઉપચારથી આત્માનું સ્વરૂપ કહેવાય છે. એમ કહીને નિમિત્તની, રાગની અરે! નિર્વિકલ્પ પર્યાયની દ્રષ્ટિ છોડાવીને દ્રવ્યદ્રષ્ટિ કરાવી છે.

[ તા. ૧૮-૮-૭૬ ના પરમાત્મપ્રકાશની ગાથા ૮૮ પરના પૂ. ગુરુદેવના પ્રવચનમાંથી ]

ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા કે જે સમ્યગ્દર્શનનો વિષય છે તેમાં દિગમ્બર, શ્વેતામ્બર, બૌદ્ધ આદિ એક પણ વેશ નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસૂર્ય જ્ઞાનનું નૂર છે. એવા આત્માને ધ્યાની મુનિ ધ્યાનારુઢ થઈને ધ્યાવે છે. એવો આત્મા એક પણ વેશનો ધારી નથી. વ્યવહારનયથી આત્મા– દ્રવ્યલિંગ ધારણ કરે છે તોપણ નિશ્ચયનયથી તે દેહના છે, આત્માના નથી, જીવને દેહ જ નથી તેથી દ્રવ્યલિંગ પણ જીવને નથી.

જેનાથી અનંત આનંદની પ્રાપ્તિ થાય એવી નિર્વિકલ્પ સમાધિ તે નિશ્ચય મોક્ષમાર્ગ છે, તેનાથી મુક્તિ પ્રાપ્ત થાય છે, વ્યવહાર મોક્ષમાર્ગથી મોક્ષ થતો નથી. રાગમાં આત્મા દૂર હતો, નિશ્ચય મોક્ષમાર્ગમાં આત્મા સમીપમાં આવ્યો છે, પરંતુ અહીં તો કહે છે કે નિશ્ચય મોક્ષમાર્ગ પણ પર્યાય છે તેથી તેને ઉપચારથી જીવનો કહેવાય છે. શરીરની ક્રિયા કે વ્યવહાર રત્નત્રય તો ઉપચારથી પણ જીવના નથી. ત્રણલોકનું તિલક એવો ભગવાન આત્મા જે નિર્મળ વીતરાગી ધ્યાનની પર્યાયમાં જણાય છે તે ધ્યાન–પર્યાયને ઉપચારથી આત્માનું સ્વરૂપ કહેવાય છે.

ત્રિકાળી વસ્તુસ્વભાવની સન્મુખ થઈને જે નિર્વિકલ્પ શાંતિની દશા પ્રગટી તે ઉપચારથી આત્માનું સ્વરૂપ છે. પ્રભુ! એકવાર સાંભળ તો ખરો! આ મનુષ્યપણું મળ્યું છે તો મનુષ્યપણામાં શું કરવું ?–કે ચિદાનંદપ્રભુના ધ્યાનથી જે વીતરાગી સમાધિ પ્રગટી તે સાધકદશા પણ ઉપચારથી આત્માનું સ્વરૂપ કહેવાય છે એવો જે પરમોત્કૃષ્ટ પરમાત્મા તે હું છું એમ નિર્ણય કરવો. અરે! આ તો ભાગ્યશાળીને કાને પડે તેવી દુર્લભ વાત છે. જિંદગી ચાલી જાય છે. દેહની સ્થિતિ પૂરી થવાનો કાળ નિશ્ચિત છે, કરવાનું આ છે, દેહમાં સુખ નથી, અનુકૂળ સંયોગોમાં સુખ નથી, દયા–દાન વ્રત–ભક્તિમાં કે વ્યવહાર–રત્નત્રયમાં સુખ નથી; આનંદનો નાથ નિજ પરમાત્મતત્ત્વ તેની દૃષ્ટિ કરવી, તેનો મહિમા લાવીને સ્વીકાર કરવો તે કરવાનું છે. જ્ઞાનમાં–લક્ષમાં તો લે છે કે વસ્તુ આવી છે, પછી પ્રયોગ કર.

નગ્નપણું–દ્રવ્યલિંગ તો સર્વથા આત્માના નથી પણ જે મોક્ષમાર્ગ છે, જે જિનશાસન છે તે ભાવલિંગદશા કે જે શુદ્ધ પૂર્ણાનંદની પ્રાપ્તિમાં સાધક છે તેને પણ ઉપચારથી આત્માનુસ્વરૂપ કહેવાય છે. એમ કહીને નિમિત્તનું લક્ષ છોડાવ્યું, રાગનું લક્ષ છોડાવ્યું, અરે! નિર્વિકલ્પ મોક્ષમાર્ગની પર્યાયનું પણ લક્ષ છોડાવ્યું છે.

ત્રિકાળી સ્વરૂપની સન્મુખ થઈને જે વીતરાગી પરિણતિ પ્રગટી તે ઉપચારથી આત્માનું સ્વરૂપ છે તેમ અહીં કહ્યું, ત્યાં દેહની ક્રિયા કે દયા–દાન–ભક્તિ આત્માનું સ્વરૂપ ક્યાં રહ્યું? તો પછી સ્ત્રી–પુત્ર, ભાઈ–બેન કે સ્નેહી–સંબંધી આત્માના છે, એ વાત તો ક્યાં રહી? ભગવાન આનંદથી ભર્યો પડયો છે. સ્વસંવેદનજ્ઞાનથી આનંદનો અનુભવ થાય છે, તે આનંદની પરિણતિ પણ આત્માનું સ્વરૂપ ઉપચારથી છે. મોક્ષનો સાચો ઉપાય–સાધકદશા તે પણ ઉપચારથી આત્માની કહેવાય છે તો બીજી કંઈ ચીજ આત્માની હશે?

ઉપચાર ત્યારે કહેવાય કે મુખ્યનો જેમાં અભાવ હોય અર્થાત્ મુખ્ય એવા પૂર્ણા–

નંદના નાથમાં નિર્વિકલ્પ ભાવલિંગદશાનો અભાવ હોવાથી, અને તે શુદ્ધાત્મસ્વરૂપને સાધનારી હોવાથી તેને ઉપચારથી આત્માનું સ્વરૂપ કહેવાય છે. સ્વ-સન્મુખ દેખતાં જે પર્યાય ઉત્પન્ન થાય છે તે પણ વાસ્તવિક જીવ નથી, ઉપચારિક જીવ છે.

પરદ્રવ્ય તો આત્માનું સ્વરૂપ નથી, રાગ તો તારો નથી પણ નિર્વિકલ્પ મોક્ષમાર્ગની દશા પણ તારું વાસ્તવિક સ્વરૂપ નથી, તે પણ ઉપચારથી આત્માનું સ્વરૂપ છે. અહીં તો દૃષ્ટિનો વિષય બતાવ્યો છે. તેથી દૃષ્ટિના વિષયમાં પર્યાય નથી તે અહીં બતાવ્યું છે. સમ્યગ્દૃષ્ટિનો વિષય સમ્યગ્દૃષ્ટિ નથી, દૃષ્ટિનો વિષય દૃષ્ટિ વિનાનું-પર્યાય વિનાનું દ્રવ્ય છે. તોપણ નિશ્ચય મોક્ષમાર્ગ સાધક હોવાથી તેને સદ્ભૂત ઉપચારનયથી જીવનું સ્વરૂપ કહ્યું છે.

મોક્ષમાર્ગની પર્યાય જેટલો તું નથી પણ પરમાત્માની પર્યાય-પૂર્ણ પર્યાય જેટલો પણ તું નથી. નિર્વિકલ્પ ત્રિકાળી ધ્રુવ વસ્તુ તે તું છો. પરમપારિણામિક સ્વભાવભાવ ધ્રુવ વસ્તુ તે નિજ પરમાત્મા છે. આત્મા સ્વયં પરમાત્મા છે. નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય આત્માની છે તેમ ઉપચારથી કહેવાય છે.

દ્રવ્ય કેવું છે તેની પ્રતીતિ પર્યાયમાં આવી છે પણ દ્રવ્ય પોતે પર્યાયમાં આવ્યું નથી. દ્રવ્ય કેટલી શક્તિવાળું છે તેનું જ્ઞાન પર્યાયમાં આવ્યું પણ દ્રવ્ય પર્યાયમાં આવ્યું નથી. એ રીતે પર્યાય માત્રમાં દ્રવ્ય આવતું નથી તેથી નિશ્ચય સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉપચારથી આત્માનું સ્વરૂપ કહેવાય છે. તોપણ પરમ સૂક્ષ્મ શુદ્ધ નિશ્ચયનયથી તે આત્માનું સ્વરૂપ નથી. નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય તે પણ વ્યવહારથી આત્મા છે. ત્રિકાળી ધ્રુવ પરમાત્મા તે જ નિશ્ચય આત્મા હોવાથી તેને દૃષ્ટિમાં લેવાનો છે.

જેમ ખોરાક લીધા વિના ચાલે નહિ, તેમ હંમેશા શાસ્ત્ર સ્વાધ્યાય હોવો જોઈએ. સ્વાધ્યાય એ તો આત્માનો ખોરાક છે માટે તેનું રટણ લાગવું જોઈએ, તેનું વ્યસન હોવું જોઈએ. (પૂ. ગુરુદેવ)

# જિનદેવને અસંમત દ્વિક્રિયાવાદી જિનમતની બહાર છે

અજ્ઞાન દશામાં જીવ ઇચ્છાનો, રાગનો, વિકલ્પનો કર્તા છે. પરંતુ તે કાળે થતી પરદ્રવ્યની ક્રિયાનો કર્તા જીવ ત્રણકાળમાં નથી. પરદ્રવ્યને બચાવવાનો અહિંસાનો ભાવ આવે તેનો કર્તા જીવ છે, પરંતુ અહિંસાના ભાવ વખતે થતી શરીરની ક્રિયાનો કર્તા જીવ કદી પણ નથી. છતાં જે એમ માને છે કે અહિંસાના ભાવનો કર્તા પણ હું છું અને પર જીવને જીવાડવાની શરીરની ક્રિયાનો કર્તા પણ હું છું –એમ પોતાને દ્વિક્રિયાવાદી માનનાર જૈન મતની બહાર છે.

[ તા. ૨–૮–૭૬ના પૂ. ગુરુદેવના સમયસારના પ્રવચનમાંથી ]

દ્વિક્રિયાવાદી મિથ્યાદ્રષ્ટિ શ્રી જિનદેવના મતની બહાર છે. એમ અહીં આચાર્યદેવ સમજાવે છેઃ

**પુદ્‌ગલકરમ જીવ જો કરે, એને જ જો જીવ ભોગવે,**
**જિનને અસંમત દ્વિક્રિયાથી અભિન્ન તે આત્મા ઠરે. ૮૫.**

પલટતી ક્રિયા તે દ્રવ્યનું કર્મ છે, દ્રવ્યનું કાર્ય છે, દ્રવ્યનું વ્યાપ્ય છે, દ્રવ્યના પરિણામ છે. પલટતી ક્રિયા તે પરિણામસ્વરૂપ છે તેથી ક્રિયા પરિણામથી ભિન્ન નથી પરંતુ ક્રિયા તે પરિણામ જ છે. વળી પરિણામ છે તે પરિણામીથી ભિન્ન નથી.

જગતની પલટતી અવસ્થા છે તે પરિણામ સ્વરૂપ છે તેથી વાસ્તવમાં તે ક્રિયા પરિણામથી ભિન્ન નથી, અર્થાત્, ક્રિયા છે તે પરિણામ જ છે. અને પરિણામ છે તે પરિણામથી ભિન્ન નથી. દ્રવ્ય–પર્યાય અભિન્ન છે કેમ કે તે પરિણામ પરિણામીએ કર્યા છે, પરદ્રવ્યે કર્યા નથી. પરથી પરિણામ ભિન્ન છે તે દર્શાવવા દ્રવ્ય ને પર્યાય અભિન્ન છે તેમ અહીં કહ્યું છે.

કુંભારથી ઘડો થાય છે તેમ નથી, માટીથી ઘડો થાય છે. ચોખા પાકે છે તે પોતે પોતાથી પાકે છે. પાણીથી કે અગ્નિથી પાકે છે તેમ નથી. અગ્નિથી પાણી ગરમ થયું

એમ પણ નથી. પાણી પહેલાં ઠંડુ હતું તે ગરમ થયું, ત્યાં પલટતી ક્રિયા પરિણામ છે, તે પરિણામીથી અભિન્ન હોવાથી પાણી પાણીથી ગરમ થયું છે. ચોખા પાકે છે ત્યાં પહેલાં તે કાચા હતા તેમાંથી પાકયા તે પલટતી ક્રિયા પરિણામસ્વરૂપ છે તેથી તે ક્રિયા પરિણામ છે અને પરિણામીથી તે પરિણામ ભિન્ન ન હોવાથી ચોખા પાકવાની ક્રિયાનો કર્તા પરિણામી–દ્રવ્ય–ચોખા પોતે જ છે.

અહીં તો પરિણામ પરિણામીના છે, પરના કે નિમિત્તના નથી, તેનાથી ભિન્ન છે તેમ બતાવવું છે પરિણામનો કર્તા કોણ ?–કે પરિણામથી ભિન્ન હોય તે કર્તા ન હોય પણ પરિણામથી અભિન્ન એવો અપરિણામી તેનો કર્તા છે તેમ અહીં પરથી ભિન્નતા સિદ્ધ કરવી છે.

વિકલ્પ થાય છે તે ક્રિયા છે, તે ક્રિયા પરિણામથી ભિન્ન નથી અને પરિણામ દ્રવ્યથી ભિન્ન નથી. તેથી વિકલ્પનો કર્તા પોતે છે, પર તેનો કર્તા નથી. જીવના પરિણામ પોતાથી છે પરથી નથી તેમ માને ત્યારે તો હજુ વ્યવહાર–શ્રદ્ધા છે. સમ્યગ્દર્શનની ક્રિયા પરિણામ છે, તે પરિણામ દ્રવ્યથી અભિન્ન હોવાથી સમ્યગ્દર્શનનો કર્તા જીવ પોતે છે, દર્શનમોહકર્મનો અભાવ તેનો કર્તા નથી. દિવ્યધ્વનિથી જ્ઞાન થતું નથી, મહામુનિના ઉપદેશથી જ્ઞાન થતું નથી, કેમ કે જ્ઞાનની ક્રિયા પરિણામસ્વરૂપ છે, તે પરિણામથી ભિન્ન નથી અને પરિણામ દ્રવ્યથી–જીવથી ભિન્ન નથી. તેથી જ્ઞાનની ક્રિયાનો કર્તા જીવ છે પરંતુ દિવ્યધ્વનિ કે મહામુનિનો ઉપદેશ જ્ઞાનનો કર્તા નથી. કેવળજ્ઞાન થયું તેનો કર્તા ઘાતિકર્મનો અભાવ નથી કે વજ્રનારાચસંહનના કારણે કેવળજ્ઞાન થયું નથી, કેવળજ્ઞાનનું કારણ દ્રવ્ય પોતે જ છે.

મિથ્યા શ્રદ્ધાનાં પરિણામ છે તે પ્રથમ પરિણામમાંથી પલટીને બીજા પરિણામ થયા તે ક્રિયા છે. ક્રિયા પરિણામથી ભિન્ન નથી અને પરિણામ પરિણામીથી ભિન્ન નથી, તેથી મિથ્યાત્વના પરિણામનો કર્તા પરિણામી જીવ જ છે. પરથી મિથ્યાત્વના પરિણામ થયા નથી.

વેલણે લોટના પિંડામાંથી રોટલી કરી નથી કે હાથની ક્રિયાથી રોટલી વણાઈ નથી. રોટલીની ક્રિયાનો કર્તા લોટનો પિંડ જ છે. શ્વાસની ક્રિયા છે તે પરમાણુની ક્રિયા છે તે પરિણામી–પરમાણુથી ભિન્ન નથી તેથી તે ક્રિયા પરમાણુની છે. ક્રિયા કર્તાથી અભિન્ન છે. પરંતુ શ્વાસની તે ક્રિયા જીવની નથી, જીવ તેનો કર્તા નથી અને તે ક્રિયા જીવનું કાર્ય નથી.

આ રીતે વસ્તુસ્થિતિની મર્યાદા છે, દરેક પદાર્થની પરિણતિ બીજો પદાર્થ બદલાવી શકે એવી વસ્તુસ્થિતિ જ નથી. વસ્તુસ્થિતિની મર્યાદા જ એવી છે કે પોતાની ક્રિયાને પોતે કરે છે, પોતાની ક્રિયાનો કર્તા પર નથી અને પરની ક્રિયાનો પોતે કર્તા નથી.

પ્રત્યેક પદાર્થની થવાવાળી ક્રિયા પોતાની કાળલબ્ધિથી થઈ છે, નિમિત્તથી થઈ નથી. પ્રત્યેક પરિણામ પોતાની ઉત્પત્તિના જન્મક્ષણથી ઉત્પન્ન થયા છે, નિમિત્તથી થયા નથી. અક્ષર લખાય છે તે કલમથી લખી શકાતા નથી. અક્ષરના પરમાણુની ક્રિયાનો કર્તા અક્ષરના પરમાણુ છે. સારી કલમથી સારા અક્ષર થાય કે લખનારની આવડતથી સારા મરોડદાર અક્ષર થાય તેમ નથી. અજ્ઞાની જગતને આવી વાત પાગલ જેવી લાગશે. પણ બાપુ! તારે જગત–સંસારથી છૂટવું છે ને?–તો વસ્તુસ્થિતિની મર્યાદાનો સ્વીકાર કર્યા વિના બીજો કોઇ ઉપાય નથી. દુનિયા ભલે પાગલ માને, 'લોક મૂકે પોક,' તારે દુનિયાનું શું કામ છે? દુનિયા દુનિયાનું જાણે તું તારા આત્માનું હિત થાય તેમ કરી લે ને! આ તો આત્મહિત કરી લેવાની મોસમ પાકી છે. આવા ટાંણા ચૂકયે ફરી હાથ નહીં આવે. ભાઈ! બહારનું બધુ તો એક–બે ચાર નહીં પણ અનંત–અનંતવાર કરી ચૂક્યો છો, તેમાં શું નવું છે?–ને કોઈ શું માનશે કે શું કહેશે એનું તારે શું કામ છે? બીજાને રાજી રાખવામાં કે રાજી કરવામાં તારો આત્મા દાઝી રહ્યો છે, પણ એની તેં કદી દરકાર ક્યાં કરી છે ?–હવે તો જાગ! ભેદજ્ઞાનનો માર્ગ આચાર્યદેવે તારી સામે ખૂલ્લો કર્યો છે. અરે! તેં ભોગવેલા દુઃખોનું પૂરું વર્ણન ભગવાનની વાણીથી પણ થઈ શકતું નથી એટલા તો તેં દુઃખ ભોગવ્યા છે, હવે એકવાર તો તારા આત્માની સામુ જો! હવે તો પરથી ખસ, સ્વમાં વશ–આટલું બસ.

દરેક દ્રવ્યની ક્રિયા પોતાથી તપતી છે એટલે કે ક્રિયાનો કર્તા દ્રવ્ય પોતે છે. વ્યાપક આત્મા અને વિકારી પરિણામ વ્યાપ્ય–એ રીતે વ્યાપ્યવ્યાપકભાવથી આત્મા વિકારનો કર્તા છે, અને આત્મા ભાવક ને વિકારી પરિણામ ભાવ્ય–એમ ભાવકભાવ્યપણે આત્મા વિકારી પરિણામનો ભોક્તા છે. અહીં અજ્ઞાનીની વાત ચાલે છે.

આત્મા પોતાની પર્યાયનો કર્તા થવા છતાં તેના નિમિત્તે થતાં કર્મબંધનો પણ કર્તા આત્મા નથી, ત્યાં શરીર–વાણી–મનનો કર્તા આત્મા ત્રણ કાળમાં નથી. રાગ પણ કરે ને વાણીને પણ આત્મા કરે એમ નથી. હર્ષ–શોકનો આત્મા ભોક્તા છે અને કર્મના વિપાકનો પણ ભોક્તા છે એમ નથી. જીવ વિકલ્પનો કર્તા થાય અને તે કાળે શરીરની ક્રિયા થાય તેનો પણ જીવ કર્તા છે એમ નથી. અજ્ઞાની ઇચ્છાનો કર્તા છે પણ તે કાળે બહારમાં થતી ક્રિયાનો કર્તા નથી.

પોતાના જ્ઞાનની હીણી પર્યાયનો કર્તા આત્મા છે પણ જ્ઞાનાવરણીકર્મની ક્રિયાનો કર્તા આત્મા નથી. આત્મા બે ક્રિયાનો કર્તા ત્રણકાળમાં નથી. વીર્યાંતરાયનો ઉદય છે માટે વીર્યની પર્યાય હીણી થઈ ગઈ એમ નથી. આત્માની હીણી પર્યાયનો કર્તા જડકર્મ કેમ

હોય ? કર્મ તો પરદ્રવ્ય છે, પરદ્રવ્ય જીવની પર્યાયને સ્પર્શતું નથી અને પર્યાય પરદ્રવ્યને સ્પર્શતી નથી.

અજ્ઞાની રાગની ક્રિયાને પણ કરે અને પરની ક્રિયાને પણ કરે એમ નથી, જ્ઞાની જાણવાની ક્રિયાને પણ કરે અને રાગની કે પરની ક્રિયાને પણ કરે તેમ નથી. રાગની ક્રિયાના કાળે પરદ્રવ્યની ક્રિયા દેખીને અજ્ઞાનીને ભ્રમ થઈ જાય છે. પણ દરેક દ્રવ્યની દરેક કાળે ક્રિયા હોય જ ને ! દરેક દ્રવ્યની યોગ્યતાથી દરેક દ્રવ્યનું પરિણમન થાય છે, એકદ્રવ્યથી બીજા દ્રવ્યની ક્રિયા થતી નથી.

જે જીવ પોતાની અને પરની એમ બે ક્રિયાનો કર્તા પોતાને માને છે તે સ્વ–પરની ભિન્નતાની અસ્તતાને કારણે આત્માને અનેક દ્રવ્યસ્વરૂપ અનુભવતો થકો મિથ્યાદ્રષ્ટિ છે અને તે જિન–આજ્ઞાની બહાર છે, તે જિનમતથી બહાર છે. સમ્યક્ એકાંત એ છે કે પોતાની ક્રિયાનો કર્તા પર નથી અને પરની ક્રિયાનો કર્તા પોતે નથી, એવું સમ્યક્ એકાંત હોય ત્યારે સાથે નિમિત્તનું જ્ઞાન કરવું તે અનેકાંત છે.

પોતાને બે ક્રિયાવાદી માનનાર મિથ્યાદ્રષ્ટિ ભગવાનની આજ્ઞા બહાર છે, ભગવાન તીર્થંકરદેવની આજ્ઞા બહાર છે. જે કોઈ એમ માને કે પર દ્રવ્યની અહિંસાના રાગનો કર્તા પણ હું છું ને પરદ્રવ્યને બચાવવાની શરીરની ક્રિયાનો કર્તા પણ હું છું તે જૈનમતની બહાર છે. પાણીમાં માખી પડે ત્યારે તેને બચાવવાનો જે ભાવ આવ્યો તેનો કર્તા હું છું અને આંગળી વડે માખીને પાણીમાંથી બહાર કાઢી તે ક્રિયાનો કર્તા પણ હું છું એમ માનનાર જૈનમતની બહાર છે.

કોઈ કુતર્ક કરે કે ઉપદેશથી જ્ઞાન થતું નથી તો ગુરુ ઉપદેશ કેમ આપે છે ?–અરે ભાઈ ! ઉપદેશની ક્રિયાના કર્તા ગુરુ નથી અને સાંભળવાથી જ્ઞાન થતું નથી. વાણી વાણીના કાળે નીકળે છે અને તે સમયે થતું પરલક્ષી જ્ઞાન તે તે જીવના પોતાના કારણે છે.

એ રીતે પોતાને દ્વિક્રિયાવાદી માનનાર જીવ જિનમતની બહાર છે.

---

[ પાનું ૮ થી ચાલુ ]

જો !’–આવું પરમબ્રહ્મ તારું સ્વરૂપ છે, આવા પરમબ્રહ્મ સ્વરૂપમાં પ્રભુ ! તારી મતિ લગાડ. એકવાર તેની રુચિ કર. નિર્વિકલ્પ આનંદનો નાથ, અતીન્દ્રિય સુખનો સાગર, ગુણનું ગોદામ તું છો, એમ એકવાર મહિમા લાવ. મહિમા વિના તારી મતિ ત્યાં લાગશે નહીં. બહારનો મહિમા છોડ, ત્યાં શું છે ! માટે પરનો મહિમા અને આકર્ષણ છોડીને એકવાર પરમબ્રહ્મ પ્રભુનો મહિમા લાવીને ત્યાં મતિ જોડ તો તારી ચાર ગતિ મટી જશે.

[ સમ્યક્મતિ સમ્યક્ગતિ....ટાઈટલ પાના નં. બે થી ચાલુ ]

એક સમયની રાગની પર્યાય પાછળ અદ્વિતીય અતીન્દ્રિય સુખસ્વરૂપ પ્રભુ બિરાજે છે. તેના બદલે જ્યાં તારી ચીજ નથી ત્યાં તે મતિ જોડી દીધી છે. સ્ત્રી, પુત્ર, પૈસા, મકાન, શરીરાદિમાં તેં તારી મતિ જોડી દીધી છે, પણ તે ક્ષેત્ર તો ભિન્ન છે. પાંચ–પચાસ વર્ષે તો તે ક્ષેત્ર છૂટી જશે. એકવાર તું અતીન્દ્રિય આનંદ સ્વરૂપ પરમબ્રહ્મ ભગવાનમાં મતિ લગાવ, તને આનંદની તૃપ્તિ થશે. તું અમૃતરસથી તૃપ્ત તૃપ્ત ભર્યો પડયો છે.

તારી જે ચીજ છે તે તારી સાથે રહેશે, પણ ઘર–બાર, સ્ત્રી–પુત્ર આદિ તારી સાથે નહીં રહે. પુણ્ય–પાપના ભાવમાં અને તેના ફળ સંયોગમાં તારી મતિ એકાકાર થઈ ગઈ છે તેથી મરીને તે મિથ્યાત્વભાવ તારી સાથે આવશે. બાપુ! તને આત્માની ખબર નથી. સોનું, હીરા–મોતી આદિની તને કિંમત ભાસે છે પણ ચૈતન્યહીરાની તને કિંમત ભાસતી નથી. જેમ હાડકામાં રહેલા ફોસ્ફરસના કારણે સ્મશાનમાં ચમક દેખાય છે તેમ આ બધા બહારના વૈભવ, સંયોગ, માન, મોટાઈ આદિ હાડકાના ફોસ્ફરસ જેવા ક્ષણિક અને અચેતન છે. પરંતુ બહારની મોહની મીઠાશ આડે તું પરના આકર્ષણથી છૂટતો નથી.

ભાઈ! એકવાર બહારની મોહની મીઠાશ છોડી દે. જેમ ગોળનો રવો–ભેલી મીઠાશથી ભરચક છે તેમ ભગવાન અમૃતનો રવો–ભેલી છે, ત્યાં એકવાર મતિને લગાવ. મોટા ઘર ને ફર્નિચર ને સગવડતાના સાધનોમાં મતિ એટલી બધી એકાકાર થઈ ગઈ છે કે બાપુ! મરતાં તને તે બધું છોડવું આકરું પડશે, માટે ત્યાંથી મતિ હટાવી લે.

દ્રવ્યકર્મથી, નોકર્મથી તથા પંચમહાવ્રતાદિના ભાવકર્મથી તારી મતિ હટાવી દે. જો ત્યાં મતિ રહી જશે તો મરીને તેના ફળમાં અનંતકાળ કાઢવો પડશે. માટે ભગવાન! તું રાગ અને દેહના સંગમાં પ્રીતિ ન કર. પ્રભુ! ભવિષ્યમાં દુઃખના ડુંગરમાં અનંતકાળ કાઢવો પડશે, માટે ત્યાંથી તારી મતિ છોડી દે. દેહાદિમાં તારી મતિને ન બગાડ...ન લગાડ, અને પરમબ્રહ્મ સ્વરૂપમાં કે જે અમૃતથી તૃપ્ત તૃપ્ત ભરેલો આનંદનો રવો છે તેમાં મતિ લગાવ તો પર્યાયમાં આનંદનો પ્રવાહ વહેશે.

ભગવાન પૂર્ણાનંદનો નાથ છે કે જેને કહેવા માટે યોગીન્દુદેવને શબ્દો થોડા પડે છે. તારી મોટાઈ તો જો! તારું જે સ્વરૂપ ભગવાને જોયું તેને ભગવાન પણ કહી શક્યા નથી. જડ વાણી દ્વારા આત્માને કઈ રીતે વર્ણવી શકાય? દુશ્મન દ્વારા કેટલા વખાણ કરાવી શકાય? ‘જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં તે પણ શ્રી ભગવાન

[ અનુસંધાન પાનું ૭ ની નીચે ]

## “જ્ઞાની પરદ્રવ્યની ક્રિયાનો નિમિત્ત-કર્તા પણ નથી, પરદ્રવ્યની ક્રિયા જ્ઞાનીના જ્ઞાનમાં નિમિત્ત થાય છે”

જ્ઞાની કે અજ્ઞાની આત્મા શરીરની કોઈપણ ક્રિયાનો, વાણીનો કે વેપાર–ધંધાનો કર્તા ત્રણકાળમાં નથી. કર્તા તો નથી પણ જ્ઞાની કે અજ્ઞાનીનો આત્મા પરદ્રવ્યથી થતાં તે–તે કાર્યમાં નિમિત્તકર્તા પણ નથી. તો પછી ઇચ્છાના કાળે વાણી આદિ છે શું ?–ત્યારે આચાર્યદેવ કહે છે કે હે જીવ ! જ્યાંસુધી તું અજ્ઞાન–પણે રાગ–દ્વેષરૂપ તારા વિભાવનો કર્તા થાય છે ત્યાંસુધી તારો રાગ અને યોગ પોતાની ઉપાદાન શક્તિથી સ્વતંત્રપણે થતી પરદ્રવ્યની ક્રિયામાં નિમિત્તકર્તા કહેવાય છે. પરંતુ જ્ઞાની તો રાગનોય જ્ઞાતા હોવાથી પરદ્રવ્યની ક્રિયાકાળે ક્રિયા ને રાગને જ્ઞાની જાણતો હોવાથી ક્રિયા ને રાગ જ્ઞાનીના જ્ઞાનમાં નિમિત્ત બને છે.

[ તા. ૨૮-૮-૭૬ ના પૂજ્ય ગુરુદેવના સમયસાર પરના પ્રવચનમાંથી ]

આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો પરદ્રવ્યનો કર્તા નથી પણ નિમિત્ત–નૈમિત્તકભાવે પણ પરદ્રવ્યનો કર્તા નથી તે વાત આચાર્યદેવ સમજાવે છેઃ

**જીવ નવ કરે ઘટ, પટ નહિ, જીવ શેષ દ્રવ્યો નવ કરે;**
**ઉત્પાદકો ઉપયોગયોગો, તેમનો કર્તા બને. ૧૦૦.**

દેહની ક્રિયા તથા નવા કર્મનું બંધાવું–ક્રોધાદિક જડકર્મનું બંધાવું તે બંને પરદ્રવ્યસ્વરૂપ કાર્ય છે, તેને આત્મા વ્યાપ્યવ્યાપકભાવે કરતો નથી. પરદ્રવ્યની ક્રિયા તે આત્માનું કાર્ય ને આત્મા તેનો કર્તા એવું પરદ્રવ્યમાં વ્યાપ્યવ્યાપકપણું આત્માને નથી. આત્મા પરિણામી અને પરદ્રવ્યની ક્રિયા તે પરિણામ એમ નથી.

શરીરની ક્રિયા, ઘર–કુટુંબની ક્રિયા તે જડની ક્રિયા છે, તેનો કર્તા જડ છે, આત્મા નથી. કર્મની અવસ્થા તે પણ જડની અવસ્થા છે તેથી તેનો કર્તા જડ છે, આત્મા તેનો

કર્તા નથી. જો પરદ્રવ્યની ક્રિયાનો આત્મા વ્યાપ્યવ્યાપકભાવે કર્તા હોય તો પરદ્રવ્યમાં આત્મા તન્મય થઈ જાય, એકરૂપ થઈ જાય, ભળી જાય. અને જો આત્મા પરદ્રવ્યમાં તન્મય થઈ જાય તો પોતાની સત્તાનો નાશ થઈ જાય. પરંતુ એમ તો સંભવે નહીં, તેથી આત્મા પરદ્રવ્યની ક્રિયાનો વ્યાપ્યવ્યાપકપણે કર્તા નથી.

સર્વજ્ઞદેવે અનંત પદાર્થ દેખ્યા છે, તેઓ એકબીજાની ક્રિયાના કર્તા નથી. જો એમ હોય તો એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં તન્મય થઈ જતાં અનંત દ્રવ્ય અનંતપણે ન રહે. ભાષાની પર્યાય તે પરમાણનું કાર્ય છે. જો તે આત્માનું કાર્ય હોય તો પરમાણુની ક્રિયામાં આત્મા તન્મય થઈ જતાં આત્મા પરમાણુ થઈ જાય. પણ તેમ ન બને, તેથી પરમાણુની ક્રિયાનો કર્તા આત્મા નથી પણ પરમાણુ પોતે જ કર્તા છે.

પરદ્રવ્યસ્વરૂપ ક્રિયાને એટલે કે દેશની સેવા, સમાજની સેવા કે કુટુંબની સેવા આદિ શરીરની ક્રિયાને જો આત્મા વ્યાપ્યવ્યાપકપણે કરે તો પરદ્રવ્યની ક્રિયા તે પરિણામ અને આત્મા પરિણામી ઠરે. અને પરિણામ–પરિણામી તન્મય હોય, તેથી પરદ્રવ્ય ને આત્મા તન્મય થઈ જાય. પણ એમ તો બને નહીં. પરદ્રવ્યના પરિણામમાં તેનું દ્રવ્ય પરિણામી છે. કેમ કે પરદ્રવ્યના પરિણામ અને પરદ્રવ્ય તન્મય છે. તેથી જો તે પરિણામને આત્મા કરે તો આત્મા પરદ્રવ્યમાં તન્મય થઈ જાય અને આત્મસત્તાનો નાશ થાય. માટે આત્મા પરદ્રવ્યસ્વરૂપ ક્રિયાનો વ્યાપ્યાવ્યાપકપણે કર્તા નથી.

જે જે દ્રવ્યની જે જે કાળે જે જે ક્રિયા થઈ રહી છે તેનો નિમિત્ત કર્તા પણ આત્મા નથી. પરદ્રવ્યસ્વરૂપ નોકર્મની ક્રિયામાં તથા જડકર્મની ક્રિયામાં જો આત્માને નિમિત્તકર્તા માનવામાં આવે તો આત્માને પરદ્રવ્યની સર્વ અવસ્થાઓમાં નિત્ય ઉપસ્થિત રહેવું પડે, અર્થાત્ નિત્ય કર્તૃત્વનો પ્રસંગ આવી પડે. આત્મદ્રવ્ય જો જગતની ક્રિયામાં નિમિત્તકર્તા હોય તો જગતની જે જે ક્રિયા થાય તેમાં આત્માએ નિત્ય ઉપસ્થિત રહેવાનો પ્રસંગ ઉપસ્થિત થાય. જો દ્રવ્ય નિમિત્તકર્તા હોય તો દરેક ક્રિયામાં દ્રવ્યને નિમિત્તકર્તા તરીકે સદાય હાજર રહેવું પડે. માટે પરદ્રવ્યની ક્રિયાનો આત્મા નિમિત્તકર્તા પણ નથી.

– તો છે શું? –કે પરદ્રવ્યની ક્રિયાના કાળે અજ્ઞાનીના રાગ અને કંપનના જે પરિણામ થાય છે તે પરદ્રવ્યની ક્રિયામાં નિમિત્તકર્તા છે. પરંતુ તે કાર્ય પરદ્રવ્યના કારણે જ થાય છે, નિમિત્તના કારણે થતું નથી. પરંતુ પરની ક્રિયાના કાળે અજ્ઞાનીના જે રાગ અને કંપનના પરિણામ થાય છે તે તેમાં નિમિત્તકર્તા થાય છે.

માટીમાંથી ઘડો થયો તે ક્રિયાના કુંભારનો જીવ વ્યાપ્યવ્યાપકપણે તો કર્તા નથી પણ કુંભારનો જીવ ઘડાની ક્રિયામાં નિમિત્તકર્તા પણ નથી. તો છે શું? –કે ઘડાની ક્રિયાના

કાળે અજ્ઞાની કુંભારના રાગ અને કંપનરૂપ જે પરિણામ છે તે ઘડાની ક્રિયામાં નિમિત્તકર્તા છે. ઘડાની ક્રિયા પોતાના ઉપાદાનથી થાય છે તે વખતે કુંભારના રાગ અને જોગ છે તે તેમાં નિમિત્તકર્તા થાય છે. કેમ કે અજ્ઞાની કુંભાર રાગ અને જોગની ક્રિયાનો કર્તા થાય છે.

કોના જોગ અને રાગ પરદ્રવ્યની ક્રિયામાં નિમિત્તકર્તા કહેવાય છે? –કે જે રાગ અને જોગનો કર્તા થાય છે એવા અજ્ઞાનીના રાગ અને જોગ પરદ્રવ્યની ક્રિયામાં નિમિત્તકર્તા બને છે. જેની દ્રષ્ટિ જ્ઞાયક તરફ નથી, જેને જ્ઞાતા–દ્રષ્ટા સહજ સ્વભાવની દ્રષ્ટિ નથી અને રાગ તથા જોગના અસ્તિત્વની જ દ્રષ્ટિ છે એવો અજ્ઞાની રાગ અને જોગનો કર્તા થતો હોવાથી અજ્ઞાનીના રાગ અને જોગ પરદ્રવ્યના કાર્યકાળે નિમિત્તકર્તા બને છે. પણ જ્ઞાનસ્વરૂપ આત્મા જેની દ્રષ્ટિમાં આવ્યો છે એવો જ્ઞાની તો પરદ્રવ્યના કાર્યકાળે નિમિત્તકર્તા પણ નથી.

બીજાને આહાર આપે આદિ શરીરની ક્રિયામાં નિમિત્ત કોણ?–કે આત્મા તો તેમાં નિમિત્ત નથી, પણ જે કોઈ શુભભાવનો કર્તા થાય છે તેના રાગ અને કંપન તેમાં નિમિત્ત થાય છે. ભાષાની ક્રિયા ભાષાના કારણે થાય છે પણ અજ્ઞાની શુભભાવનો કર્તા થાય છે તેથી અજ્ઞાનીના જોગ અને ઉપયોગ તેમાં નિમિત્ત થાય છે. પરદ્રવ્યના પરિણમનકાળે જે વિકલ્પ ઉઠયો તે વિકલ્પનો જે કર્તા થાય છે એવા અજ્ઞાનીના તે વિકલ્પને પરદ્રવ્યની ક્રિયાનો નિમિત્તકર્તા કહેવામાં આવે છે.

અજ્ઞાની રાગ અને જોગનો કર્તા છે, જ્ઞાની રાગ અને જોગનો જ્ઞાતા છે પણ કર્તા નથી, તેથી જ્ઞાની પરદ્રવ્યની ક્રિયાનો નિમિત્તકર્તા નથી. પરદ્રવ્યની ક્રિયાનો કર્તા જ્ઞાની તો નથી પણ અજ્ઞાની પણ પરદ્રવ્યની ક્રિયાનો કર્તા નથી. પરંતુ જે ઇચ્છાનો કર્તા છે એવા અજ્ઞાનીની ઇચ્છા પરદ્રવ્યની ક્રિયામાં નિમિત્તકર્તા થાય છે, પણ અજ્ઞાનીનો આત્મા તો નિમિત્તકર્તા પણ નથી.

જ્ઞાની શુભાશુભભાવનો જ્ઞાતા છે તેથી તે વખતે શરીરની જે ક્રિયા થઈ અને તે વખતે જે રાગ થયો તે રાગનું ને ક્રિયાનું જ્ઞાની જ્ઞાન કરે છે, તેથી તે ક્રિયા તથા રાગ જ્ઞાનીના જ્ઞાનમાં નિમિત્ત થાય છે. જ્ઞાનીને તે કાળે તે ક્રિયા સંબંધીનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન, પોતાના જ્ઞાનના સ્વ–પર પ્રકાશક સ્વભાવને લીધે સ્વયં થયું છે, રાગ સંબંધીનું જ્ઞાન કે તે ક્રિયા સંબંધીનું જ્ઞાન, રાગના લીધે કે ક્રિયાને લીધે થયું નથી. પરંતુ શુભાશુભભાવ અને ક્રિયા, જ્ઞાનીના જ્ઞાનમાં સ્વયં જણાય છે.

(અનુસંધાન પાનું ૨૭)

# રાગાદિ પરદ્રવ્યસ્વરૂપ ક્રિયાનો જ્ઞાતા તે કર્તા નથી, કર્તા તે જ્ઞાતા નથી.

જ્ઞાનીના અંતરમાં જ્ઞાતાદ્રષ્ટાનો પ્રવાહ વહે છે, તેથી જ્ઞાની જ્ઞાનમાત્રનો કર્તા છે. પછી ભલે જ્ઞાની લડાઈમાં ઊભો હોય કે ૯૬ હજાર સ્ત્રીના સંગમાં રહ્યો હોય પણ જ્ઞાનીની દ્રષ્ટિ જ્ઞાયકસ્વભાવ પર હોવાથી જ્ઞાની તેનો કર્તા થતો નથી, જ્ઞાતા જ રહે છે; અને લડાઈ આદિનો વિકલ્પ તથા બહારની ક્રિયા તથા તે વખતે બંધાતી જડપ્રકૃતિ તે સર્વે જ્ઞાનીના જ્ઞાનમાં નિમિત્ત થાય છે. સમ્યગ્દર્શનનો મહિમા અલૌકિક છે.

[ તા. ૧-૯-૭૬ ના પૂજ્ય ગુરુદેવના શ્રી સમયસાર પરના પ્રવચનમાંથી ]

જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે, જ્ઞાનાવર્ણાદિ જડકર્મોનો તથા રાગ-દ્વેષ આદિનો અકર્તા છે, જ્ઞાતા છે, તે વાત આચાર્યદેવ સમજાવે છે.

**જ્ઞાનાવરણઆદિક જે પુદ્ગલતણાં પરિણામ છે,**
**કરતો ન આત્મા તેમને, જે જાણતો તે જ્ઞાની છે. ૧૦૧**

જેમ દહીં-દૂધ ગોરસ વડે વ્યાપ્ત છે અર્થાત્ ખાટા-મીઠાપણું ગોરસના પરિણામ છે. તેને જોનાર તટસ્થ પુરુષ ખટાશ-મીઠાશનો કર્તા નથી, દેખનાર જ છે. દેખનારે ખાટા-મીઠા પરિણામ કર્યા છે તેમ નથી, તટસ્થપણે દેખનાર પુરુષ દહીં-દૂધના ખાટા-મીઠા પરિણામનો દ્રષ્ટા જ છે, કર્તા નથી.

તેમ જ્ઞાનાવરણાદિ કર્મના પરિણામ પુદ્ગલથી વ્યાપ્ત છે, તેથી તેનો કર્તા પુદ્ગલ છે, આત્મા તેનો કર્તા નથી. જ્ઞાનીને ‘હું તો ચૈતન્યસ્વભાવી જ્ઞાતા-દ્રષ્ટા છું’ એવું જ્ઞાન હોવાથી જ્ઞાની જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા નથી.

જેમ ગોરસના ખાટા-મીઠા પરિણામ દેખનારો દેખવાના પરિણામમાં વ્યાપ્ત છે, તેથી દેખનારો દેખવાના પરિણામમાં વ્યાપક થઈને માત્ર દેખે છે. તેમ જ્ઞાનાવરણાદિ કર્મ બંધાય તેને જ્ઞાની માત્ર દેખનારો છે, જ્ઞાનાવરણાદિ કર્મનો જ્ઞાની કર્તા તો નથી

પણ તેમાં જ્ઞાની નિમિત્ત પણ નથી. પરંતુ જ્ઞાનીના જ્ઞાનમાં જ્ઞાનાવરણાદિ કર્મ જાણવામાં આવે છે તે જાણવાની ક્રિયામાં જ્ઞાનાવરણાદિ કર્મ નિમિત્ત છે.

જેને આત્મતત્ત્વ અને આસ્રવતત્ત્વનું ભેદજ્ઞાન થયું છે તે રાગનો કર્તા થતો નથી. જ્ઞાનીને સ્વ-પર પ્રકાશક જ્ઞાન થયું છે તેથી તે જ્ઞાનમાં રાગ નિમિત્ત પડે છે, પણ જ્ઞાની રાગનો કર્તા થતો નથી. ધર્મીને રાગના કાળે રાગનું જ્ઞાન થાય છે તે રાગના કારણે થયું નથી પણ પોતાના સ્વ-પર પ્રકાશક જ્ઞાન વડે રાગ સંબંધી જ્ઞાન પોતાથી થાય છે ત્યારે રાગ જ્ઞાનમાં નિમિત્ત છે. જે ભાવે જ્ઞાનાવરણાદિ બંધાય છે તે ભાવનો જ્ઞાની કર્તા થતો નથી, કેમ કે ધર્મીને આસ્રવભાવથી ભેદજ્ઞાન વર્તે છે. અજ્ઞાનીને આસ્રવભાવ અને જ્ઞાયકભાવનું ભેદજ્ઞાન ન હોવાથી, આસ્રવનો કર્તા થતો હોવાથી જ્ઞાનાવરણાદિ બંધાવામાં અજ્ઞાનીનો આસ્રવભાવ નિમિત્તકર્તા બને છે.

જેમ દૂધ-દહીંમાં ખાટા-મીઠા પરિણામનો કર્તા દેખનારો નથી પણ તે ખાટા-મીઠા પરિણામનો કર્તા ગોરસ છે. તેમ પરની અનુકમ્પાનો ભાવ જ્ઞાનીને આવ્યો, તે ભાવનું અને જ્ઞાયકસ્વરૂપનું બંનેનું એક સમયમાં જાણવું થયું, તે જાણવું એ ધર્મીનું કાર્ય છે. તે સ્વ-પર પ્રકાશપણું અર્થાત્ જ્ઞાતાદ્રષ્ટાપણું તે જ્ઞાનીનું કાર્ય છે. તે કાર્ય પોતાના ઉપાદાનથી થયું છે ત્યારે રાગ જ્ઞાનીના જ્ઞાનમાં નિમિત્ત થાય છે.

અનુકમ્પાના વિકલ્પકાળે શાતાવેદની કર્મ બંધાયા તેમાં અજ્ઞાનીનો રાગ નિમિત્તકર્તા બન્યો, કર્મની પર્યાય પોતાના ઉપાદાનથી થઈ ત્યારે અજ્ઞાનીનો રાગ તેમાં નિમિત્તકર્તા બને છે. કેમ કે અજ્ઞાની તે રાગભાવનો કર્તા થાય છે. પરંતુ જ્ઞાનીએ રાગ અને અજીવ તત્ત્વથી ભગવાન આત્માને ભિન્ન જાણ્યો છે તેથી તેની સ્વ-પર પ્રકાશક કાળે પોતાના ઉપાદાનથી સ્વને અને પરને જાણ્યા છે ત્યારે રાગ અને કર્મ જ્ઞાનમાં નિમિત્ત બને છે.

એવી જ રીતે જે 'હું જ્ઞાતા છું' એમ જાણતો નથી અને આઠ કર્મો સાથે આત્માને એકરૂપ માને છે તેમ જ રાગ-દ્વેષ-ક્રોધ-માન આદિ સાથે આત્માને એકરૂપ માને છે એવો અજ્ઞાની તે તે-ભાવનો કર્તા થતો હોવાથી કર્મ બંધની અવસ્થામાં અજ્ઞાનીનો ભાવ નિમિત્તકર્તા બને છે.

ચોખા પાકે ત્યારે ગરમ પાણીથી તે પાક્યા નથી, તેમ જ સ્ત્રીના વિકલ્પના કારણે ચોખા પાક્યા નથી, ચોખા પોતાના સ્વતંત્ર ઉપાદાનથી પાક્યા છે. ત્યારે અજ્ઞાની સ્ત્રી રાગનો કર્તા થતી હોવાથી તેનો રાગ ચોખા પાકવામાં નિમિત્તકર્તા થાય છે. પરંતુ જ્ઞાની સ્ત્રી રાગનો કર્તા ન હોવાથી ચોખા પાકવાની ક્રિયા તથા તે કાળનો વિકલ્પ જ્ઞાની સ્ત્રીના જ્ઞાનમાં જણાય છે.

કેવળજ્ઞાનાવરણી કર્મની પ્રકૃત્તિ જડથી ઉત્પન્ન થાય છે, પરમાણુ તે પ્રકૃત્તિને પ્રાપ્ત થાય છે, આત્મા તેનો કર્તા નથી. જે જીવ રાગનો કર્તા થાય છે તે જ્ઞાનાવરણીની પર્યાયમાં નિમિત્તકર્તા થાય છે. અજ્ઞાની ઘાતીકર્મની પર્યાયમાં નિમિત્તકર્તા થાય છે. રાગનો જે કર્તા થાય છે તેવા અજ્ઞાનીનો રાગ ઘાતીકર્મની પર્યાયમાં નિમિત્તકર્તા થાય છે.

માખી પાણીમાં પડતાં આંગળીથી માખીને કાઢીને બચાવી, ત્યાં આંગળીની ક્રિયાનો કર્તા અજ્ઞાની નથી પણ બચાવવાનો જે ભાવ છે તે ભાવનો કર્તા અજ્ઞાની થતો હોવાથી આંગળીની ક્રિયામાં અજ્ઞાનીની ઇચ્છા–વિકલ્પ નિમિત્તકર્તા થાય છે. દયા–દાન –વ્રત–તપ આદિ ભાવનો જે કર્તા થાય છે તેનો તે ભાવ, તે કાળે શાતાવેદની કર્મનો જે બંધ થયો તે પોતાના ઉપાદાનથી થયો, તેમાં તે નિમિત્તકર્તા થાય છે. પોતાની પર્યાયમાં વિકાર થાય છે એવા અજ્ઞાનીનો વિકારીભાવ પોતાના કારણે થયો છે પણ જડકર્મના કારણે થયો નથી.

જ્યારે અહીં શુભભાવ થયો તે જ સમયે શાતાવેદની કર્મ બંધાયા તે પર્યાય તેના ક્રમબદ્ધમાં હતી તેમ જ થઈ છે, તે ક્ષણે કર્મની પર્યાયનો ઉત્પત્તિનો કાળ હતો–ક્રમ હતો તે પ્રમાણે થઈ છે, તે ક્રમબદ્ધ સિદ્ધ થયું. હવે અજ્ઞાનીનો શુભરાગ છે તે નવા કર્મ બંધમાં નિમિત્તકર્તા છે. કર્મ બંધની પર્યાય પોતાના ઉપાદાનપણે થઈ તેમાં અજ્ઞાનીનો શુભરાગ નિમિત્તકર્તા છે, એ રીતે ઉપાદાન–નિમિત્ત સિદ્ધ થયા. વળી શુભરાગ કર્મ બંધમાં નિમિત્ત પડે છે પણ મોક્ષમાં નિમિત્ત થતો નથી. અર્થાત્ શુભરાગ વ્યવહાર છે, તેનાથી નિશ્ચય થતો નથી. એટલે કે વ્યવહારથી નિશ્ચય થાય છે તે વાત પણ ઊડી ગઈ. એ રીતે નિશ્ચય–વ્યવહાર સિદ્ધ થયા. રાગ આવ્યો તે ઉત્પત્તિનો જન્મકાળ હતો અને કર્મની પ્રકૃત્તિ બંધાણી તે તેના જન્મક્ષણે થઈ છે અને જ્ઞાનીને તેનું જ્ઞાન પણ પોતાના સ્વકાળે થયું છે. એ રીતે આ બધું ક્રમસર પરિણમન થયું છે, અક્રમે થયું જ નથી. એમ સિદ્ધ થયું.

એક સમયની કેવળજ્ઞાનની પર્યાય, દ્રવ્ય–ગુણમાં ને લોકાલોકમાં પેસ્યા વિના જાણે છે, એવી અનંત અનંત ગુણની અનંતી પર્યાયો દ્રવ્યમાં ભરી છે. એવા અનંત ગુણ–સ્વરૂપ આત્માની પ્રતીતિ આવે તે પ્રતીતિની શક્તિ કેવડી? જ્ઞાનગુણની એક સમયની પર્યાયનું સામર્થ્ય કેવડું કે દ્રવ્ય–ગુણને સ્પર્શ્યા વિના ને લોકાલોકને સ્પર્શ્યા વિના તેમને જાણી લ્યે છે. એવી એવી અનંતી પર્યાય એક જ્ઞાનગુણમાં ભરી છે અને એવા અનંતા ગુણો દ્રવ્યમાં છે. ચોથા ગુણસ્થાને શ્રદ્ધાની એક સમયની પર્યાયમાં આવી પ્રતીતિ આવી જાય છે, એટલી તો શ્રદ્ધાગુણની એક સમયની પર્યાયની તાકાત છે. પ્રતીતિનું સામર્થ્ય કેટલું!

જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવની જેને દ્રષ્ટિ વર્તે છે અને રાગથી તથા અજીવથી ભિન્નપણે

જ્ઞાનનો અનુભવ વર્તે છે તે સમ્યગ્દ્રષ્ટિ જીવ છે, સમ્યગ્દ્રષ્ટિને રાગ આવે છે પણ તે રાગનો કર્તા નથી. રાગના કાળે રાગને જાણે છે તે પોતાના સ્વ–પર પ્રકાશક જ્ઞાનથી જાણે છે. જ્ઞાનીને વ્યવહારનો વિકલ્પ આવે છે તેનો કર્તા જ્ઞાની નથી, પણ જ્ઞાની તે કાળે પોતાને જાણે છે. તથા વ્યવહારના વિકલ્પને પણ પોતાની સ્વ–પર પ્રકાશક શક્તિ વડે જાણે છે ત્યારે તે વિકલ્પ જ્ઞાનમાં નિમિત્ત કહેવાય છે.

ધર્મી જીવને હજુ પૂર્ણ વીતરાગતા થઈ નથી. તેથી તેને આયુષ્યનો પણ બંધ પડે છે અને તે કાળે આયુષ્યના બંધમાં જે રાગ નિમિત્ત પડે છે તે બંનેને ધર્મી જાણે છે. સમકિતી પોતાની સ્વ–પર પ્રકાશક જ્ઞાતા શક્તિ વડે પોતાને જાણતાં તે કાળે જે રાગ આવ્યો અને તે રાગના નિમિત્તે જે આયુષ્યનો બંધ પડયો તે બંનેને જાણે છે. સમકિતીને અશુભભાવ આવે છે પણ તે કાળે ભવિષ્યનો આયુષ્યનો બંધ ન પડે, પણ જ્યારે શુભભાવ આવે છે ત્યારે જ ભવિષ્યના આયુષ્યનો બંધ પડે છે –એવો તો સમ્યગ્દર્શનનો મહિમા છે.

સમકિતી તિર્યંચને સ્વર્ગનો આયુષ્ય બંધ પડે છે પણ સમકિતી તિર્યંચ તે આયુકર્મનો કર્તા નથી કે નિમિત્ત પણ નથી, પરંતુ તે આયુષ્યનો બંધ જેના નિમિત્તે થાય છે એવો તે કાળનો મંદકષાયભાવ તેનો પણ તે તિર્યંચ કર્તા નથી. પરંતુ તે કાળે તેનો જ્ઞાતા હોવાથી, રાગ અને આયુષ્યનો બંધ સમકિતી તિર્યંચના જ્ઞાનમાં નિમિત્ત થાય છે.

સમ્યગ્દ્રષ્ટિને જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ ધર્મ નથી. તીર્થંકર ગોત્ર બંધાય અને તે કાળે જે શુભભાવ હોય તેનો જ્ઞાની જ્ઞાતાદ્રષ્ટા હોવાથી, તીર્થંકર ગોત્રનો બંધ અને શુભભાવ જ્ઞાનીના જ્ઞાનમાં નિમિત્ત થાય છે. ગોરસમાં જે ખાટા–મીઠા પરિણામ થાય છે તે દેખનારથી નથી થતાં પણ ગોરસથી થાય છે. તેમ વિકારનો કર્તા જ્ઞાની નથી. જો વિકારનો કર્તા થાય તો મિથ્યાદ્રષ્ટિ થઈ જાય. જ્ઞાની તો જ્ઞાતાદ્રષ્ટા છે તેથી ઊંચ ગોત્ર બંધાય અને તે કાળે જે શુભભાવ હોય તેનો જ્ઞાની જ્ઞાતાદ્રષ્ટા છે, કર્તા નથી.

એ રીતે આઠ કર્મની ૧૪૮ પ્રકૃતિ બંધનો અને તે કાળે નિમિત્ત તરીકે જે વિકાર હોય તેનો જ્ઞાની જાણનાર છે, કર્તા નથી.

જ્ઞાનીને અંતરમાં જ્ઞાતાદ્રષ્ટાપણાનો પ્રવાહ ચાલે છે તેથી જે સમયે અસ્થિરતાનો મોહ, રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, આદિના વિકલ્પો હોય અને તે સમયે તેને નિમિત્ત બનાવીને જે કર્મબંધ થાય તે બંનેનો જ્ઞાની જ્ઞાતાદ્રષ્ટા છે.

લક્ષ્મણનું મરણ થતાં ધર્માત્મા રામચંદ્રજી ભાઈના મોહના કારણે–અસ્થિરતાના

મોહના કારણે છ– માસ સુધી મડદાને સાથે રાખીને જમાડે, સુવરાવે, નવરાવે આદિ કરે છે. અજ્ઞાની પણ ન કરે એવું ધર્માત્મા અસ્થિરતાના મોહને વશ કરતાં દેખાય છે, છતાં અંદરમાં જ્ઞાતાદ્રષ્ટાનો પ્રવાહ ચાલુ જ છે. બહારની ઉન્મત્ત ચેષ્ટા વખતે પણ તે ઉન્મત્ત ચેષ્ટાના તથા તે વખતના મોહના રામચંદ્રજી જ્ઞાતાપણે વર્તે છે.

રાજનીતિના ને રાજ્યના રાગના કારણે સતી સીતાજીને રામચંદ્રજી વનવાસ મોકલે છે. પોતે જાણે પણ છે કે સીતાજી મહા સતી છે, છતાં રાજ્યનીતિના રાગવશ વનવાસ મોકલે છે. તે વખતે પણ રામચંદ્રજી રાગના અને બહારની તે ક્રિયાના જ્ઞાતાદ્રષ્ટા જ રહ્યા છે, કર્તા થયા નથી.

તેવી જ રીતે ભરતચક્રવર્તી ને બાહુબલીજી કે જેઓ તદ્ભવ મોક્ષગામી હોવા છતાં યુદ્ધે ચઢયા અને જ્યારે ત્રણે યુદ્ધમાં ભરતજી હાર પામ્યા ત્યારે ક્રોધાવેશમાં ભાઈને મારવા ચક્ર ફેકયું! જુઓ તો ખરા! ભાઈને મારી નાખવાનો ક્રોધ ધર્માત્માને આવ્યો! અને તે છતાં જેમ દરિયો ઉપરની સપાટીએ કદાચિત્ ઉછળતો હોય તોપણ નીચેની અંદરની સપાટીએ તો શાંત ગંભીરપણે રહ્યો છે તેમ જ્ઞાનીને અસ્થિરતાના કારણે કદાચિત આવો ક્રોધ આવી જાય તોપણ અંતરમાં જ્ઞાતાદ્રષ્ટતાનો ગંભીર પ્રવાહ વહે છે. તેથી ક્રોધના સમયે પણ ભરતજી ચક્ર ફેંકવાની ક્રિયાના તથા ક્રોધના પરિણામના માત્ર જ્ઞાતા જ છે, કર્તા નથી. અરે! બાહુબલીજી પણ એમ જાણે છે કે ચક્ર ફેંકવાની ક્રિયાના કે મારા પ્રત્યેના ક્રોધના કર્તા ભરતજી છે જ નહીં, ભરતજી તો જ્ઞાતાદ્રષ્ટા જ છે. જુઓ તો ખરા ધર્મીની લીલા! બહારમાં ચક્ર ફેંકાતાં લોકોમાં હાહાકાર મચી જાય છે અને અંતરમાં બંને ધર્માત્મા માત્ર જ્ઞાતાદ્રષ્ટાપણે વર્તી રહ્યા છે. અહીં તો કહે છે કે લડાઈની તે ક્રિયા અને તે વખતના ક્રોધનો, દ્વેષનો વિકલ્પ તેનો કર્તા તો જ્ઞાની નથી, તેમાં નિમિત્ત પણ જ્ઞાની નથી, પણ તેઓ જ્ઞાનીના જ્ઞાનમાં નિમિત્ત થાય છે.

બાહુબલીજી દીક્ષિત થયા બાદ ૧૨–૧૨ મહિના સુધી ઉપવાસ કરે છે છતાં કેવળજ્ઞાન થતું નથી કેમ કે અંદરમાં માનનું શલ્ય પડયું છે કે હું જે ભૂમિ પર તપ કરું છું તેના સ્વામી ભરતજી છે. પણ અહીં તો કહે છે કે જે માનનું શલ્ય રહ્યું છે તેના કર્તા બાહુબલીજી નથી, બાહુબલીજી તો તે માનના પણ જ્ઞાતાદ્રષ્ટા જ છે!

શ્રી વિષ્ણુકુમાર મુનિએ ૭૦૦ મુનિઓની રક્ષા માટે માયા કરીને બ્રાહ્મણનું રૂપ કર્યું ને ઉપસર્ગ દૂર કર્યો. પરંતુ તે વખતે જ વિષ્ણુકુમાર મુનિ જાણે છે કે માયાકપટના આ ભાવનો તથા શરીરની આ ક્રિયાનો હું કર્તા નથી. હું તો માત્ર જ્ઞાતા જ છું.

એ રીતે જ્ઞાની સર્વ પ્રસંગમાં જ્ઞાતાદ્રષ્ટા જ છે. કર્તા નથી. ❀ ❀ ❀

# જ્ઞાનગોષ્ઠી

* નિશ્ચયથી વ્યવહાર અભૂતાર્થ હોવાથી વ્યવહાર નથી એમ નથી, વ્યવહાર છે ખરો પણ તેના આશ્રયે ધર્મ થતો નથી. પર્યાય પર્યાયમાં છે, રાગ–દ્વેષ પર્યાયમાં છે, ગુણભેદ પણ છે ખરા, જો એ પર્યાયને જ દર્શાવવામાં ન આવે તો તીર્થ અને તીર્થફળની પ્રવૃત્તિ પણ રહેતી નથી, તેથી વ્યવહાર છે તેમ દર્શાવવો ન્યાયસંગત છે.

* સાચા શ્રવણ આદિનો યોગ હોય, ધારણા–જાણપણું હોય, વિકલ્પથી નિર્ણય કર્યો હોય પણ જેનું પર્યાયનું ઘોલન દ્રવ્ય ઉપર જતું નથી તે સ્વરૂપની લક્ષ્મી વિનાના હોવાથી રાંકો છે–ભીખારી છે. ભલે વ્યવહારથી દેવ–શાસ્ત્ર ગુરુને માનતો હોય છતાં સ્વરૂપનો આશ્રય લેતો નથી, શરણ લેતો નથી, પોતાની નિધિને સંભાળતો નથી તેથી તેને રંક પુરુષ કહ્યો છે.

પ્રશ્નઃ– જ્ઞાનીને સુખ ને દુઃખ બન્ને સાથે હોય?

ઉત્તરઃ– જ્ઞાની સાધક છે ત્યાં સુધી સુખ અને દુઃખ બન્ને ભૂમિકા અનુસાર સાથે હોય છે. કેવળી પૂર્ણ સુખી છે અને મિથ્યાદ્રષ્ટિ પૂર્ણ દુઃખી છે.

પ્રશ્નઃ– તત્ત્વનું આટલું સાંભળવા છતાં કામ કેમ થતું નથી?

ઉત્તરઃ– પુરુષાર્થ કરે નહિ તો કામ ક્યાંથી થાય?

પ્રશ્નઃ– કર્મના તીવ્ર ઉદયથી પુરુષાર્થ ક્યાંથી થાય?

ઉત્તરઃ– કર્મનો ઉદય આત્માથી ભિન્ન છે, અને પુરુષાર્થ તો પોતે કરતો નથી તેથી કાર્ય આવતું નથી. પોતાના જ અપરાધથી પોતે પુરુષાર્થ કરતો નથી એવો સાચો નિર્ણય કરે તો અંદર જવાનો અવકાશ થાય.

પ્રશ્નઃ– જડમાં અનુભૂતિ હોય?

ઉત્તરઃ– જડમાં પણ અનુભૂતિ હોય છે. ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ પરિણમવું તેને જડમાં અનુભૂતિ કહે છે.

પ્રશ્નઃ– આત્મામાં અનંત શક્તિઓ છે તો તેમાંથી કોઈ એવી શક્તિ છે કે જે પરદ્રવ્યનું કામ પણ કરી શકે?

ઉત્તરઃ– પોતાનું કામ કરી શકે તેવી અનંત શક્તિઓ આત્મામાં છે પરંતુ પરદ્રવ્યનું કામ કરી શકે તેવી એકપણ શક્તિ નથી. જડ દ્રવ્યોમાં પણ અનંત શક્તિઓ હોવાથી પોતે જડેશ્વર છે તેથી તેઓ જીવ કે અન્ય જડની અપેક્ષા વિના પોતાથી જ પોતાનું કાર્ય કરે છે. દરેક દ્રવ્યો પોતાની શક્તિથી જ કાયમ ટકીને બદલ્યા કરે છે તેને અન્ય દ્રવ્યોની કિંચિત્માત્ર અપેક્ષા નથી.

પ્રશ્નઃ– ત્રિકાળી નિષ્ક્રિય ચૈતન્ય તે જ પરમાર્થ જીવ છે. બંધ મોક્ષ પર્યાયને કરે તે તો વ્યવહાર જીવ છે. તો કેટલા પ્રકારના જીવ છે ?

ઉત્તરઃ– બે પ્રકારના જીવ છે, એક પરમાર્થ જીવ છે ને બીજો વ્યવહાર જીવ છે. પરમાર્થ જીવ તો ત્રિકાળ નિષ્ક્રિય મોક્ષસ્વરૂપ જ છે અને બંધ મોક્ષ રૂપે પર્યાય પરિણમે છે તે વ્યવહાર જીવ છે.

* પ્રભાકર ભટ્ટ પ્રશ્ન કરે છે કે હે સ્વામીન! જે જ્ઞાનથી એકક્ષણમાં આત્મા જાણવામાં આવે એ પરમ જ્ઞાનનો મને પ્રકાશ કરો. પૂજા ભક્તિ, તીર્થયાત્રા, વ્યવહારરત્નત્રય આદિના શુભ રાગરૂપ વિકલ્પજાળથી શું ફાયદો છે ? એ બધું તો અનાદિકાળથી અનંતવાર મેં કર્યું છે, પણ તેનાથી આત્મ–આનંદથી પ્રાપ્તિ થઈ નહિ. તેથી હે શ્રીગુરુ! જેનાથી ક્ષણમાત્રમાં આનંદની પ્રાપ્તિ થાય એવા પરમજ્ઞાનનો કૃપા કરીને મને પ્રકાશ કરો. આત્માની આનંદ–લક્ષ્મી શું છે તે મને કૃપા કરીને બતાવો!

  શ્રી યોગિન્દ્રદેવ નિજશુદ્ધાત્માનો મહિમા બતાવતાં કહે છે કે નિજશુદ્ધાત્માના ધ્યાનથી ક્ષણમાં (અંતર્મુહૂર્તમાં) મોક્ષ થાય છે. ૧૬ તીર્થંકરોને જ્યારે કેવળજ્ઞાન થાય છે ત્યારે કેટલાક જીવો આત્મભાન પામી મુનિ થઈ શ્રેણી માંડી કેવળજ્ઞાન પામી તુરત મોક્ષમાં ગયા છે, શુદ્ધાત્માના ધ્યાનનો આવો અપાર મહિમા છે. દેહદેવળમાં વસતાં પરમાત્માને તું સ્વસંવેદનજ્ઞાનથી જાણ–અનુભવ કર. જેણે વીતરાગી સ્વસંવેદન જ્ઞાનથી પોતાના શુદ્ધાત્માને જાણ્યો છે તેણે બધુ જાણી લીધું છે.

* હે જીવ! તું જ તારું તીર્થ છો ત્યાં આરૂઢ થા, બીજા તીર્થે ન જા! ....ન જા! વ્યવહાર નિષેધ્ય છે ને! તેથી અહીં યોગિન્દ્રદેવ સ્પષ્ટ કરે છે કે સમ્મેદશિખર આદિ તીર્થો છે તે પરતીર્થ છે, ત્યાં ન જા! તેના લક્ષે તને શુભરાગ થશે. તું તારા પરમ તીર્થ–સ્વરૂપ આત્મામાં આરૂઢ થા. તેનાથી તને નિર્વિકલ્પ આનંદનો અનુભવ થશે. બીજા ગુરુની સેવા ન કર. તેના લક્ષે રાગ થશે. તું તારા પરમાર્થ ગુરુની સેવા કર તેનાથી તને આનંદની પ્રાપ્તિ થશે. દેવની સેવા ન કર, બીજા દેવ, અરિહંત, સિદ્ધનું ધ્યાન ન કર. ભાઈ! તેના લક્ષે શુભ વિકલ્પ થશે ને પુણ્ય–બંધન થશે. તું તારા

આત્મદેવનું ધ્યાન કર જેથી તને આનંદના નાથનો ભેટો થશે. તું તારા પરમ દેવગુરુ ને તીર્થની સમીપ જા. આમ કહીને રાગના કારણભૂત વ્યવહાર દેવ–ગુરુ–તીર્થનું લક્ષ છોડાવી આનંદના કારણભૂત પરમાર્થ દેવ–ગુરુ–તીર્થનું લક્ષ કરાવ્યું છે.

* અહો! આચાર્યદેવે તો ત્યાં સુધી કહ્યું કે હે જીવ! તું તીર્થે જઈશ નહિ, ગુરુની સેવા કરીશ નહિ, દેવની સેવા કરીશ નહિ, અહીં શુભ છોડીને અશુભમાં જવાનું કહ્યું નથી પણ શુભની રુચિ છોડાવી છે. નીચલી અવસ્થામાં શુભ નહિ છૂટે પણ શુભની રુચિ છોડાવી છે.

* આચાર્યદેવ કહે છે કે અરે! ક્યાં કેવળી શ્રુત કેવળીઓનું જ્ઞાન! અને ક્યાં અમારું જ્ઞાન! અમે તો મંદબુદ્ધિ છીએ. મંદબુદ્ધિનો અર્થ ગુજરાતી ચાલતી ભાષામાં ઠોઠબુદ્ધિ છીએ તેમ કહે છે. અરે! અમે ઠોઠ છીએ તોપણ અમે સ્વરૂપનું ધ્યાન કરીને કેવળજ્ઞાન પામશું. અમે પરમાત્મસ્વરૂપના ધ્યાન વડે કેવળજ્ઞાન પામીને જન્મ–મરણનો નાશ કરશું. અહો! બુદ્ધિ થોડી, કાળ થોડો, શ્રુતનો પાર નહિ એમાં શીખવાનું તો આ છે કે જેનાથી જમ–મરણનો નાશ કરીને કેવળજ્ઞાન પમાય.

* અહો! જેના અંતઃકરણમાં ખરેખર નિર્મળ આત્મા વસતો નથી તે જીવના શાસ્ત્રાભ્યાસ, તપશ્ચરણ આદિ બધું વ્યર્થ છે, નિરર્થક છે. એ વ્યવહાર આચરણ લાખવાર, ક્રોડવાર કરે તોપણ ધર્મનો અંશ પ્રગટતો નથી, તેના ક્રિયાકાંડ બધા વ્યર્થ છે. વ્યવહારરત્નત્રયનો રાગ તે પણ રોગ સમાન છે. ભાઈ! વસ્તુ આખી અંતર્મુખમાં પડી છે, અને અજ્ઞાની બહારમાં શોધે છે, એ ક્યાંથી મળે?

* વસ્તુસ્વભાવને ઉલ્લાસ અને મહિમા પૂર્વક વિચારતાં વિચારતાં એ જ્યાં જ્ઞાનસ્વભાવના ઊંડા મહાત્મ્યમાં જાય છે ત્યાં એને આત્માનો અનુભવ થાય છે.

* અરે! હડકાયું કુતરું કરડે ત્યાં હડકવા થવાના ભયથી અજ્ઞાની ત્રાસી જાય છે પણ એને અનાદિનો મિથ્યાત્વનો હડકવા થયો છે એનો ત્રાસ લાગતો નથી. દ્રવ્યલિંગી સાધુ થયો છતાં રાગ મારો છે અને એ રાગને હું છોડું છું, એવી રાગમાં સ્વામીપણાની બુદ્ધિ છે એ જ ખરેખર મિથ્યાત્વનો હડકવા અનાદિથી છે, એ હડકવાથી બચવા જેવું છે–ચેતવા જેવું. મિથ્યાત્વના રોગથી ચેત્યા વિના ક્યાંય શાંતિ મળે તેમ નથી.

* સમ્યગ્દ્રષ્ટિને રાગ હોય છે, રાગ આવે છે પણ એ રાગ એને ખટકતો હોય છે, ખૂંચતો હોય છે, રાગ છૂટતો નથી પણ અભિપ્રાયમાં રાગમાંથી એકતાબુદ્ધિ છૂટી ગઈ છે. હજુ પુણ્ય–પાપના ભાવ છૂટયા નથી પણ પ્રેમ અને સ્વામીત્વ છૂટી ગયા છે.

* પઠન–પાઠન–સ્તુતિ–વંદન આદિ શુભ ભાવો છે, તેના પણ હજુ જેને ઠેકાણાં નથી અને ધંધા આદિના અશુભ ભાવોમાં રચ્યાંપચ્યાં પડયાં છે તેને તો આ તત્ત્વનિર્ણય કરવાનો પણ ક્યાં અવકાશ છે? અરે ભાઈ! આ દેહના પરમાણુ ક્ષણમાં વિખાઈ જશે ને આવો યોગ ફરીને ક્યારે મળશે? જરા વિચાર તો ખરો?

પ્રશ્નઃ– પર્યાય દ્રવ્યને તન્મય થઇને જાણે છે કે અતન્મય રહી ને જાણે છે?

ઉત્તરઃ– પર્યાય અતન્મય રહીને દ્રવ્યને જાણે છે. પર્યાય દ્રવ્યમાં તન્મય થાય છે એ તો પર્યાય દ્રવ્યની સન્મુખ થાય છે તેને તન્મય થઈ તેમ કહેવાય છે. અજ્ઞાન દશામાં પર્યાય રાગ સન્મુખ હતી તેથી તેથી તે પર્યાયને રાગમાં તન્મય કહેવાતી હતી. તેમ દ્રવ્ય સન્મુખ પર્યાય થતા દ્રવ્યમાં તન્મય થઈ તેમ કહેવાય છે. પણ તન્મયનો અર્થ પર્યાય દ્રવ્યમાં ભળીને એકરૂપ થઈ જાય છે તેમ નથી, પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્યને જાણે છે. પર્યાય પર્યાયથી છે ને દ્રવ્ય દ્રવ્યથી છે, બે ધર્મો છે તે જુદા છે. પરદ્રવ્યથી ભિન્નતા સિદ્ધ કરવી હોય ત્યારે એમ કહેવાય કે પર્યાયથી દ્રવ્ય જુદુ નથી, પણ જ્યારે વસ્તુના બે ધર્મો સિદ્ધ કરવા હોય ત્યારે તો પર્યાયથી દ્રવ્ય ભિન્ન છે તેમ સમજવું. જ્યારે જે અપેક્ષાથી કહેવાનો જે આશય હોય તેમ સમજવું જોઈએ.

પ્રશ્નઃ– મિથ્યાત્વભાવનો રસ મંદ પડતાં પડતાં સમ્યગ્દર્શન થાય?

ઉત્તરઃ– જેમ કોરા માટીના વાસણમાં પાણીના ટીપાં પડતાં પાણી ચૂસાઈ જાય છે, પાણી દેખાતું નથી. પણ વધુ પાણી પડતાં પાણી બહાર દેખાય છે. તેમ આ પરમાત્મતત્ત્વની વાત સાંભળતાં સાંભળતાં હું જ્ઞાયક છું......જ્ઞાયક છું..... એવા દ્રઢ સંસ્કાર અંદરમાં પડે તો મિથ્યાત્વભાવનો રસ મંદ પડતો જાય છે. હજુ ભૂમિકા મિથ્યાત્વની છે, પણ મિથ્યાત્વનો અભાવ થવાના સંસ્કાર પડતાં જાય છે. શુભભાવથી મિથ્યાત્વનો રસ ભવી અભવીને અનંતીવાર મંદ પડયો છે. પણ આ જ્ઞાયકના સંસ્કારથી મિથ્યાત્વભાવનો અભાવ થવાના સંસ્કાર પડે પછી એકદમ સ્વભાવનો આશ્રય લેતાં, સ્વાનુભવ થતાં, મિથ્યાત્વનો અભાવ થાય છે.

પ્રશ્નઃ– જ્ઞાન પર્યાયને જીવ પોતે જ હીણી કરે છે, કર્મ હીણી કરતું નથી. તો પોતે પોતાની પર્યાયને હીણી કરવાનું શું પ્રયોજન છે?

ઉત્તરઃ– જીવ પોતે પોતાના સ્વભાવની દ્રષ્ટિ છોડીને સ્વયં વિકારને કરે છે તેમ પોતે જ પોતાની જ્ઞાન પર્યાયને હીણી કરે છે. પોતાને નુકશાન થાય તેવું કાર્ય પોતે કરે તેનું નામ જ મિથ્યાજ્ઞાન છે.

પ્રશ્નઃ– કરોડપતિ અને અબજપતિને પુણ્યશાળી ગણવા કે આવા સાચા દેવ–ગુરુ–ધર્મ મળે તેને પુણ્યશાળી ગણવા ?

ઉત્તરઃ– સાચા દેવ–ગુરુ–ધર્મનો યોગ મળે એ જ ખરા પુણ્યશાળી છે. કરોડપતિ –અબજપતિ પુણ્યશાળી નથી, ખરેખર તો પાપશાળી કહેવાય. જે પોતાના પરમાત્મતત્ત્વને અનુભવે તે જ શ્રેષ્ઠ છે. અને પોતાના પરમાત્મતત્ત્વને અનુભવવાનું કહેનાર સાચા દેવ–ગુરુનો યોગ મળવો એ જ ખરો પુણ્યોદય છે.

પ્રશ્નઃ– અગ્નિને આંખ જાણે છે છતાં આંખ અગ્નિને અડતી નથી, તેમ જ્ઞાન રાગને જાણે છે છતાં જ્ઞાન રાગમાં પ્રવેશતું નથી, તો આંખ અને અગ્નિ તો બે વસ્તુ જ જુદી છે પણ જ્ઞાન અને રાગ તો એક જ વસ્તુના છે ને ?

ઉત્તરઃ– જ્ઞાન જીવનો સ્વભાવભાવ છે ને રાગ કર્મકૃત હોવાથી પરભાવ છે, વિકૃતભાવ છે. તેથી પરમાર્થથી જ્ઞાન અને રાગ તદ્દન જુદા જ છે, જ્ઞાન રાગને અડતું નથી. ભિન્ન રહીને પરજ્ઞેય રૂપ જાણી લ્યે છે.

પ્રશ્નઃ– દ્રવ્ય પરમાણુ અને ભાવ પરમાણુના ધ્યાનથી કેવળજ્ઞાન થાય છે. તો તેનો શું અર્થ છે ?

ઉત્તરઃ– દ્રવ્ય પરમાણુ એટલે આત્મદ્રવ્ય અને ભાવપરમાણુ એટલે શુદ્ધ નિર્મળ પર્યાય છે. આત્મદ્રવ્યના ધ્યાનથી શુદ્ધ પર્યાય અને મોક્ષ થાય છે.

પ્રશ્નઃ– નિશ્ચય તે મુખ્ય છે કે મુખ્ય તે નિશ્ચય છે ?

ઉત્તરઃ– મુખ્ય છે તે જ નિશ્ચય છે. જો નિશ્ચય તે મુખ્ય હોય તો પર્યાય પણ નિશ્ચય છે તેથી પર્યાય પણ મુખ્ય થઈ જાય, પણ તેમ નથી. મુખ્ય તે જ નિશ્ચય છે અને ગૌણ તે વ્યવહાર છે. ( સ્વામીકાર્તિકમાં આ વિષયનો ખુલાસો ઘણો કર્યો છે ) શ્રદ્ધામાં ત્રિકાળી સ્વ–વસ્તુ એક જ મુખ્ય છે.

* અહો ! જુઓ તો ખરા ! પર્યાયની યોગ્યતા શું કામ કરે છે. મહાવીર પ્રભુનો જીવ દશમાં ભવ પહેલાં સિંહપર્યાયમાં હરણને ફાડી ખાય છે ને ઉપરથી મુનિઓ ઉતરે છે અને કહે છે : અરે સિંહ ! આ શું કરે છે ? તું દશમાં ભવે તો તીર્થંકર થવાનો છે ને આ શું ? ત્યાં તો સિંહને આંખમાંથી આંસુની ધારા ચાલે છે ને અંદર જાતિસ્મરણ થાય છે. અંદરથી ગુલાંટ ખાઈને આત્મ સન્મુખ થઈને સમ્યગ્દર્શન પામી જાય છે. અહા ! મુનિઓએ કઈ ભાષાથી સમજાવ્યું અને સિંહ કેવી રીતે સમજ્યો ! અહો, યોગ્યતા શું કામ કરે છે !

પ્રશ્નઃ– જો નિમિત્તથી કાર્ય થતું ન હોય તો ગૌતમ આવ્યા ત્યારે જ દિવ્યધ્વનિ કેમ છૂટી ? અને તે પહેલા કેમ ન છૂટી ?

ઉત્તરઃ– પહેલા દિવ્યધ્વનિ છૂટવાની કાળલબ્ધિ ન હતી. કાળલબ્ધિ પાકી ત્યારે તેને યોગ્ય નિમિત્તની ઉપસ્થિતિ સહજ હોય છે. છએ દ્રવ્યમાં કાળલબ્ધિ અર્થાત્ જન્મક્ષણ હોય છે. જે સમયે પર્યાયનો જન્મક્ષણ હોય છે તે સમયે નિમિત્તની અપેક્ષા વિના જ પર્યાય પ્રગટ થાય છે. એવો જ વસ્તુસ્વભાવ છે.

પ્રશ્નઃ– જ્ઞાનીના ભોગને નિર્જરાનું કારણ કહ્યું છે તો ભોગ નિર્જરાનું કારણ થાય ?

ઉત્તરઃ– ભોગ નિર્જરાનું કારણ ખરેખર નથી પણ ત્યાં કહેવાનો આશય એવો છે કે સમ્યગ્દ્રષ્ટિને દ્રષ્ટિના વિષયનું જોર વર્તે છે, તે બતાવવા ભોગને નિર્જરાનું કારણ કહેલ છે. ત્યાં અશુભથી નિર્જરા થતી નથી પણ દ્રષ્ટિનું જોર બતાવવા તેમ કહ્યું છે.

પ્રશ્નઃ– પાંચ પરાવર્તનમાં જીવ રખડયો છે તે વ્યવહારથી રખડયો છે કે નિશ્ચયથી ?

ઉત્તરઃ– પાંચ પરાવર્તનમાં પોતાના ભાવથી રખડયો છે તે નિશ્ચયથી છે. પણ ત્રિકાળી ધ્રુવ સ્વભાવની અપેક્ષાથી પાંચ પરાવર્તનના ભાવ પર્યાયમાં હોવાથી પર્યાયને વ્યવહાર કહેવામાં આવે છે. પાંચ પરાવર્તનમાં જીવ રખડયો છે તે વ્યવહારથી રખડયો છે તેમ નથી, પણ ખરેખર રખડયો છે. પ્રવચનસારમાં જીવના વિકારભાવને નિશ્ચય કહેવામાં આવ્યો છે.

* કુંભારનો હાથ અડતો જાય અને માટીનો આકાર ઘડારૂપે થતો જાય ને કહે કે કુંભાર ઘડાનો કર્તા નથી, અજ્ઞાનીને એ બેસે કેમ ? પણ ભાઈ ! કુંભાર અને માટી તે બે તત્ત્વો જુદે જુદા છે, એક તત્ત્વ બીજા તત્ત્વને કરે શું ? જેમ દ્રવ્યનો કોઈ કર્તા નથી તેમ દ્રવ્યની પર્યાયનો પણ અન્ય કોઈ દ્રવ્ય કર્તા નથી.

પ્રશ્નઃ– પાંચ પાંડવો મુનિ અવસ્થામાં ધ્યાનમાં ઉભા છે તેમાં ઉપસર્ગ આવતાં બે મુનિને જરા શુભ વિકલ્પ આવતાં ૩૩ સાગરની સ્થિતિએ સ્વર્ગમાં ગયા, તો જરા શુભ વિકલ્પમાં આટલી મોટી સજા ?

ઉત્તરઃ– મોટી સજા નથી. વિકલ્પ છે એ જ સંસાર છે. એક શુભ વિકલ્પથી ૩૩ સાગર સુધી મોક્ષ દૂર થઈ ગયો. એવું જ રાગનું સ્વરૂપ છે.

પ્રશ્નઃ– શરીરમાં જીવ હોય છે ત્યાં સુધી હાથ પગ ચાલે છે ને મડદું થતાં હાથ પગ ચાલતા નથી, તેનું શું ?

ઉત્તરઃ– મડદા વખતે શરીરનું ન ચાલવું તે પ્રકારની શરીરની યોગ્યતા છે. અને જીવ હોય

ત્યારે પણ હાથપગ ચાલે છે તે શરીરના કારણે જ ચાલે છે. પણ અહીં તો આત્મા રાગને પણ કરતો નથી. રાગ થાય છે તેનો જાણનાર જ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે તે શરીરનો કર્તા નથી. તેમ રાગને પણ કરે શું? માત્ર જાણનાર જ છે.

* આત્મામાં પરિણમનમાં ષટકારક સ્વતંત્ર છે, વિકાર હો કે અવિકાર હો સ્વતંત્ર પરિણમે છે. વિકારને તો પરની અપેક્ષા નથી. અવિકારી પરિણમનને પણ પરની અપેક્ષા નથી. અરે! પોતાના દ્રવ્ય –ગુણની પણ અપેક્ષા નથી. એક પર્યાયની સ્વતંત્રતા બેસે નહિ તેને ત્રિકાળી વસ્તુની સ્વતંત્રતા બેસી શકે નહિ. પર્યાયને નિમિત્તની અપેક્ષા નથી. પોતાના દ્રવ્ય–ગુણની અપેક્ષા નથી. અરે! એક પર્યાય સાથે બીજા અનંત ગુણની અનંત પર્યાય પરિણમે છે તેની પણ અપેક્ષા વિના પર્યાય પોતાના ષટકારકની સ્વતંત્રતાથી પરિણમે છે. સમ્યગ્દર્શનની પર્યાયને અતીન્દ્રિય આનંદની પર્યાયની પણ અપેક્ષા નથી. આવી પર્યાયની સ્વતંત્રતાના સ્વીકાર વિના ત્રિકાળી દ્રવ્યનો સ્વીકાર થઈ શકે નહિ. જેમ જેમ સૂક્ષ્મ સ્પષ્ટીકરણ ગુરુ કરે છે, તેમ તેમ શિષ્યને આનંદ ઊછળે છે.

* અજ્ઞાનીઓને જન્માર્ણવમાં દુઃખી દેખીને જ્ઞાનીને અનુકંપાનો શુભરાગ આવી જાય છે, અથવા તીવ્ર રાગજ્વર મટાડવા માટે જ્ઞાનીને શુભરાગ આવી જાય છે, અથવા અસ્થાનનો રાગ મટાડવા શુભરાગ જ્ઞાનીને આવી જાય છે. પરંતુ તે રાગને જ્ઞાની હેયરૂપ જાણે છે, દુઃખરૂપ જાણે છે.

* પૈસાવાળાની અમે જે વાત કરીએ છીએ એ તો બીજા પૈસાવાળાનું માન ઉતારવા માટે કરીએ છીએ. બાકી એમાં કાંઈ માલ નથી. કરોડપતિ ને અબજપતિ બધા ભીખારી છે.

* અરેરે! દુનિયા શું કરે છે? અનાદિનો પોતે પ્રભુ છે પણ એને ભૂલીને ભ્રમણામાં મરી ગયો છે, ચાર ગતિમાં રખડી રહ્યો છે. નોલ–કોલ–નર્ક આદિમાં રખડી રખડી દુઃખને ભોગવી રહ્યો છે. ને મનુષ્ય થયો ત્યાં ધન–કુટુંબ આબરુ આદિની મમતામાં મૂર્છાઈ ગયો છે. અરે! ક્યાં આ દુર્લભ માનવ ભવ! ને ક્યાં તું અટકીને રોકાઈ ગયો! અરે ક્યાં તું જઈશ ભાઈ! એનો જરા વિચાર તો કર.

* પ્રશ્નઃ– સમ્યગ્દર્શન થયા પછી વધારેમાં વધારે કેટલા ભવે મોક્ષ થાય?

ઉત્તરઃ– સમ્યગ્દર્શન થયા પછી વધુમાં વધુ પંદર ભવે મોક્ષ થાય છે, પણ અત્યારના કાળે જેને સમ્યગ્દર્શન થાય એને તો બે ત્રણ ભવે મોક્ષ થઈ જાય. શ્રીમદ્‌ને તો એક ભવ પછી મોક્ષ થવાનો છે.

પ્રશ્નઃ– રાગ ટાળવા માટે શું ચિંતવન કરવું જોઈએ ?

ઉત્તરઃ– વસ્તુસ્વરૂપ ઓળખવું જોઈએ. હું જ્ઞાનસ્વરૂપ જ છું, રાગાદિથી ને શરીરાદિથી ભિન્ન છું વિગેરે વસ્તુસ્વરૂપ યથાર્થ લક્ષમાં લેવાથી આત્મજ્ઞાન થતાં રાગ ટળતો જાય છે.

* એક ન્યાયે, સમ્યગ્દર્શનમાં જ નિર્ગ્રંથતા આવી જાય છે, રાગની ભિન્નતા કરતાં અનંત અનંત ગુણસ્વરૂપ આત્માની પ્રતીતિ આવી જાય છે. તેમાં રાગરૂપી ગ્રંથીથી ભિન્નતા ભાસતા સમ્યક્શ્રદ્ધામાં નિર્ગ્રંથપણુ આવી ગયું. મુનિદશામાં ત્રણ કષાયના અભાવરૂપ નિર્ગ્રંથપણાની તો શું વાત! અહીં તો શ્રદ્ધામાં નિર્ગ્રંથ થઈ જાય તે વાત છે. રાગમાં એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વની ગાંઠ હતી તે છૂટી જતાં સમ્યગ્દર્શન થતાં નિર્ગ્રંથ થાય છે.

* જેને ધર્મ અર્થાત્ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું છે તેણે ધર્મ–અર્થ અને કામને દ્રષ્ટિમાંથી છોડવા પડશે; દયા–દાન આદિ શુભ ધર્મને દ્રષ્ટિમાંથી છોડવા પડશે. લક્ષ્મી, વૈભવ આદિ અર્થનો પ્રેમ દ્રષ્ટિમાંથી છોડવો પડશે. વિષયરૂપ કામભોગના પ્રેમને દ્રષ્ટિમાંથી છોડવો પડશે. અને મોક્ષસ્વરૂપ આત્માનો પ્રેમ અને દ્રષ્ટિ કરવા પડશે.


પ્રશ્નઃ– લીંડી પીપરમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે તે પથ્થર ઉપર ઘસવાથી બહાર આવે છે. તો નિમિત્ત વિના ચોસઠ પહોરી તીખાશ બહાર આવશે ?

ઉત્તરઃ– લીંડી પીપરમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે, તે તેની ઉત્પત્તિ એટલે જન્મક્ષણની યોગ્યતાના કાળે જ બહાર આવે છે. તીખાશ પ્રગટ થવાની પર્યાયની યોગ્યતારૂપ જન્મક્ષણ હોય ત્યારે જ પ્રગટ થાય છે અને તે વખતે તેને યોગ્ય નિમિત્તની હાજરી હોય છે. તે જોઈને અજ્ઞાનીને ભ્રમ પડે છે કે નિમિત્તથી કાર્ય પ્રગટ થયું! ખરેખર તો દ્રવ્ય પોતે જ ત્યાં તે તે સમયની યોગ્યતારૂપે પરિણમે છે.

* સિદ્ધાંત તો એમ કહે છે કે છએ દ્રવ્યની પર્યાયનો જન્મક્ષણ હોય છે, જે સમયે પર્યાય થવાનો કાળ છે તે જ સમયે પર્યાય થાય છે એ પર્યાય પરદ્રવ્યથી ન થાય, નિમિત્તથી ન થાય, પોતાના દ્રવ્યથી પણ ન થાય. પણ પર્યાયની યોગ્યતારૂપ જન્મક્ષણે સ્વકાળથી પર્યાય થાય છે. એમ ભગવાનનો પોકાર છે ને અનંત દ્રવ્યોનો આવો જ સ્વભાવ છે.

પ્રશ્નઃ– જ્ઞાનીને ભોગ કાળાનાગ સમાન લાગે છે તો ભોગવે છે શા માટે ?

ઉત્તરઃ– જ્ઞાની ભોગ ભોગવતો દેખાય છતાં અંતરમાં સુખબુદ્ધિ ઉડી ગઈ છે, અંદરથી વિરક્તિ છે. આ વાત એવી છે કે અંદરથી ઓળખાણ થવી દુર્લભ છે. ચક્રવર્તિ છ ખંડના ભોગમાં હોય છે. ભોગના કાળે ભોગ ભોગવી પછી તુરત અનુભૂતિમાં પણ આવી જાય એટલી ભોગથી વિરક્તિ છે. ચારિત્રદોષ અલ્પ છે, દર્શન દોષ તે જ મહાન દોષ છે.




* સુરેન્દ્રનગર અને વઢવાણ શહેરના મુમુક્ષુ મંડળના આગેવાન કાર્યકર મુમુક્ષુ ભાઈશ્રી– ગિરધરલાલ નાગરદાસ શાહનો ૬૬ વર્ષની વયે તા. ૫–૧૦–૭૬ ને મંગળવારની સવારે હૃદય બંધ પડવાથી સ્વર્ગવાસ થયો છે. તેઓશ્રી વઢવાણ શહેર મુમુક્ષુ મંડળના પ્રમુખ હતા અને ચાલુ વર્ષમાં વઢવાણ શહેરમાં જિનમંદિર પ્રતિષ્ઠા–મહોત્સવમાં દરેક કાર્ય તેમની દોરવણી નીચે થયા હતા. તેમ જ સોનગઢમાં શ્રી પરમાગમ મંદિર પ્રતિષ્ઠા–મહોત્સવમાં પણ તેમણે ઘણા જ ઉત્સાહથી કામ કર્યું હતું. છેલ્લા ત્રણેક વર્ષથી પૂજ્ય ગુરુદેવશ્રીની સમીપમાં રહી તેમની અમૃતમય વાણીનો લાભ લેવા સોનગઢમાં રહેતા હતા. તત્ત્વજ્ઞાન સમજવાની તેમને ખૂબ ધગશ અને રુચિ હતી. અને પૂજ્ય ગુરુદેવ સમીપ દ્રવ્ય –ગુણ–પર્યાયના પ્રશ્નો પુછી સમાધાન મેળવતાં. તેઓશ્રી સેવાભાવી, હિંમતવાન, શિસ્તપ્રેમી અને વ્યવસ્થાશક્તિસંપન્ન, તત્ત્વરસિક અને ધર્મપ્રેમી હતા. તેમના સ્વર્ગવાસથી બન્ને શહેરના મુમુક્ષુમંડળને તેમ જ સોનગઢ સંસ્થાને તેમના જેવા સંનિષ્ઠ કાર્યકરની ખોટ પડી છે. ભાઈશ્રી ગિરધરલાલભાઈનો આત્મા, તેમણે પ્રાપ્ત કરેલા ધાર્મિક સંસ્કારોના બળ વડે ઉત્તરોત્તર પ્રગતિ કરી સંસારસમુદ્ર તરી શાશ્વત શાંતિને પ્રાપ્ત કરે એવી ભાવના. –તંત્રી

* બગસરાનિવાસી ( હાલ મુંબઈ ) શ્રી અમૃતલાલ કાળીદાસ મેઘાણી ( ઉં. વ. ૭૩ ) તા. ૨–૧૦–૭૬ ના રોજ સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા પાંચ વર્ષથી સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવના આધ્યાત્મિક પ્રવચનોનો લાભ લઈ રહ્યા હતાં.

* જેતપુરનિવાસી ઇચ્છાબેન જીવનલાલ બાવીશી ( ઉં. વ. ૬૮ ) ટૂંકી બિમારીમાં

તા. ૧૭–૯–૭૬ ના રોજ પૂના મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેમના પુત્ર જણાવે છે કે 'મરણ પહેલાં પંદર દિવસ અગાઉ પડી જતાં પહેલું એક અઠવાડિયું બેશુદ્ધ હાલતમાં પણ પૂજ્ય ગુરુદેવ....પૂજ્ય ગુરુદેવ આદિ શબ્દો બોલતાં રહ્યા હતાં. તથા છેલ્લું અઠવાડિયું શુદ્ધી રહી તે દરમ્યાન વેદના તરફનું લક્ષ છોડી સતત ધાર્મિક ભાવના તેમજ ભગવાનનું સ્મરણ કરતાં શાંતિપૂર્વક દેહ છોડયો હતો. ડોક્ટર વગેરે જોનારાઓને પણ આશ્ચર્ય થતું હતું. સોનગઢવાળાનું મરણ પણ જોવા જેવું હોય છે તેનો પ્રત્યક્ષ અનુભવ થયો.'

* વાંકાનેરવાળા ડો. જગજીવનદાસ પ્રેમચંદ ધ્રુવ (ઉં. વ. ૬૪) હૃદય રોગની બીમારીમાં તા. ૧૦–૧૦–૭૬ ના રોજ રાજકોટ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓશ્રી વાંકાનેર મુમુક્ષુમંડળના અગ્રગણ્ય સભ્ય હતા. અને મંદિરમાં નિયમિત વાંચન કરતા હતા. પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અનહદ ભક્તિભાવ હતો. તત્ત્વની બેહદ રુચિ હતી. તેમના જવાથી વાંકાનેર મુમુક્ષુમંડળને મોટી ખોટ પડી છે.

**સદ્ગત આત્માઓ દેવ-ગુરુ-ધર્મના પ્રતાપે આત્મોન્નતિ પામો.**

## * સબ અવસર આ ચુકા હૈ *

* અહા ! અત્યાર સુધીમાં જે સિદ્ધો થયા એથી અનંતગુણા જીવો નિગોદના એક એક શરીરમાં છે. એ જીવોમાંથી કેટલાક તો સદાય એમાં જ રહેવાના છે. નિગોદમાંથી સંજ્ઞી–પંચેન્દ્રિય મનુષ્યપર્યાય મળવી અનંત અનંત દુર્લભ છે. તેમાં સાચા દેવ–ગુરુ–શાસ્ત્રનો યોગ મળવો મહા દુર્લભ છે. એટલે સુધી આવીને હવે એણે કરવા જેવું આ એક જ છે કે પોતાના ભગવાન આત્માને ઓળખી લેવો. બીજે ક્યાંય રોકાવા જેવું નથી. આ ટાણા ચૂક્યો તો ફરી આ અવસર નહિ મળે અત્યારે તો "સબ અવસર આ ચુકા હૈ."

(તા. ૨૬–૯–૭૬ ના પૂજ્ય ગુરુદેવશ્રીના વૈરાગ્ય–ઉદ્ગાર)

* આ જગત ઇન્દ્રજાળ સમાન છે. પ્રાણીઓના નેત્રોને મોહની અંજન સમાન ભૂલાવે છે, અને પ્રાણી તેમાં મોહ પામીને પોતાને ભૂલી જાય છે, અર્થાત્ લોક ધોખો ખાય છે, તેથી આચાર્યમહારાજ કહે છે કે અમે જાણતા નથી કે લોક ક્યાં કારણથી ભૂલે છે ! આ પ્રબળ મોહનું જ માહાત્મ્ય છે. (–જ્ઞાનાર્ણવ)

[ જ્ઞાની પરદ્રવ્યની ક્રિયાનો....પાનું ૧૧ થી ચાલુ ]

જ્ઞાનીને પોતાનું જ્ઞાન છે અને તે કાળે જે રાગ આવ્યો તેનું જ્ઞાન પોતાના લીધે થયું છે ત્યારે તે રાગને જ્ઞાનીના જ્ઞાનમાં નિમિત્ત કહેવાય છે. નિમિત્તનો અર્થ શો ?–કે એક દ્રવ્યના કાર્યકાળે બીજી ચીજ અનુકૂળપણે હાજર છે ખરી, પરંતુ તે ચીજના લઈને કાર્ય થાય છે તેમ બિલકુલ નથી. કેવળજ્ઞાન પોતાને પણ જાણે છે અને લોકાલોકને પણ જાણે છે. ખરેખર તો લોકાલોક સંબંધીનું પોતાના જ્ઞાનને જાણે છે ત્યારે લોકાલોક તેમાં નિમિત્ત છે પણ લોકાલોક છે માટે કેવળજ્ઞાન છે તેમ નથી.

સમ્યગ્દ્રષ્ટિ કુંભાર હોય તો તેને ઘડાની ક્રિયાનું જ્ઞાન તથા તે કાળે રાગ હોય તેનું જ્ઞાન તથા પોતાના જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન, પોતાના કારણે વર્તે છે ત્યારે જ્ઞાનમાં ઘડાની ક્રિયા તથા રાગ નિમિત્ત કહેવાય છે. એ રીતે જ્ઞાની કે અજ્ઞાની આત્મા પરદ્રવ્યના કાર્યનો વ્યાપ્યવ્યાપકપણે તો કર્તા નથી પણ નિમિત્તકર્તા પણ નથી. પરંતુ અજ્ઞાની રાગનો કર્તા થતો હોવાથી અજ્ઞાનીના રાગ અને જોગ પરદ્રવ્યના કાર્યમાં નિમિત્ત કર્તા કહેવાય છે. જ્યારે જ્ઞાની રાગનો જ્ઞાતા હોવાથી પરદ્રવ્યનું કાર્ય તથા રાગ જ્ઞાનીના જ્ઞાનમાં નિમિત્ત થાય છે.

[ જ્ઞાનસ્વભાવ....પાનું ૪૦ થી ચાલુ ]

બંધ પણ નથી, પરિણામે સંવર, નિર્જરા અને મોક્ષ પણ તેને નથી; કારણ કે જે પહેલાં બંધાયો હોય, તેને જ તો છૂટવાનો પ્રસંગ બની શકે છે. જે કદી બંધાયો જ નથી, તેની મુક્તિની વાત જ વ્યર્થ છે. જ્ઞાનને બાંધવાનો પ્રયાસ કરનાર સ્વયં જ્ઞાનસાગરમાં ડૂબી જાય છે. તે અવિલંબ જ્ઞાનમાં પ્રગટ થાય છે (–જણાય છે) પણ જ્ઞાન તો સંપૂર્ણપણે અપ્રભાવિત જ રહે છે. લોકની દરેક પરિસ્થિતિમાં 'હું તો જ્ઞાન જ છું' એ દ્રષ્ટિ તથા જ્ઞાનનું આ શુદ્ધ સંચેતન ભવના દ્વારોનું ભેદન કરીને મુક્તિના પાવન દ્વારનું ઉદ્ઘાટન કરે છે. આ જ દ્રષ્ટિ લોકમાંગલ્યની અધિષ્ઠાત્રી છે જેમાં પર્યાયદ્રષ્ટિના સંપૂર્ણ ક્લેશનો અંત આવી જાય છે. વિષમતમ પરિસ્થિતિમાં પણ આનંદના મોતી વેરતો, ભવથી ઉત્પન્ન થયેલ ચિર–દારિદ્રયનો અંત કરીને, શાંતિનો ખજાનો ખોલી દેનારી શુદ્ધ જ્ઞાનની આ પ્રતીતિ અને અનુભૂતિ ચિર જયવંત વર્તો, ચિર જયવંત વર્તો !

# અધ્યાત્મવારસો

**આપ ગુજરાતી આત્મધર્મના આજીવનસભ્ય છો ? પૂજ્ય ગુરુદેવ દ્વારા પીરસાતી અધ્યાત્મ–અમૃત–વાણીનું સિંચન આપની આગામી પેઢીમાં થતું રહે અને આપના વારસદારો અધ્યાત્મવારસાનું ગૌરવ અનુભવે તે માટે આજે જ રૂા. ૧૦૧ ) ભરીને આત્મધર્મના આજીવનસભ્ય બનીને આત્મધર્મની વ્યવસ્થામાં સહકાર આપો.**

**[ આત્મધર્મના આજીવનસભ્યોની નામાવલિ અત્રે રજુ કરવામાં આવી છે. ]**

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી શેઠ ભગવાનદાસ શોભાલાલજી | સાગર | ૧૫ શ્રીમતી વીણાબેન એચ. તુરખીયા | મુંબઈ |
| ૨ ,, કે. જે. શેઠ | મુંબઈ | ૧૬ ,, ચંદનબેન કનકરાય | જામનગર |
| ૩,, હિંમતલાલ છોટાલાલ જોબાળિયા | સોનગઢ | ૧૭ શ્રી બસંતીલા જાંજરી જૈન | ઇન્દોર |
| ૪ ,, નવલચંદ જે. શેઠ | સોનગઢ | ૧૮ શ્રીમતી શાંતાબેન બાલચંદ શાહ | થાણા |
| ૫,, મોહનલાલ હરખચંદ શાહ | ધ્રાફા | ૧૯ શ્રી પાનાચંદ ડુંગરસી તુરખીયા | મુંબઈ |
| ૬ શ્રીમતી કંચનબેન હીંમતલાલ વોરા | મુંબઈ | ૨૦ શ્રીમતી પુષ્પાબેન મનહરલાલ દોશી | મુંબઈ |
| ૭ શ્રી વાડીલાલ કાનજીભાઈ ભીમાણી | કલકત્તા | ૨૧,, પુષ્પાબેન મનસુખલાલ દોશી | મુંબઈ |
| ૮ શ્રીમતી માણેકબાઈ જૈન | ઉજ્જૈન | ૨૨ શ્રી ઠાકોરદાસ પ્રભુદાસ પારેખ | રાજકોટ |
| ૯ સ્વ. શ્રી ગીરધરલાલ નાગરદાસ | સુરેન્દ્રનગર | ૨૩,, દોલતરાય માણેકચંદ મેતા | જામનગર |
| ૧૦ શ્રી વિજયકુમાર કાંતીલાલ શેઠ | મુંબઈ | ૨૪ શ્રીમતી મુક્તાબેન વનમાળીદાસ શાહ | કલકત્તા |
| ૧૧ શ્રીમતી ચંપાબેન લીલાધર શાહ | મુંબઈ | ૨૫,, કુસુમબેન ધરમચંદ કામાણી | જમશેદપુર |
| ૧૨ શ્રી જયંતીલાલ બેચરદાસ દોશી | મુંબઈ | ૨૬,, રંજનબેન હસમુખલાલ દોશી | મુંબઈ |
| ૧૩,, રવીચંદ વિકમચંદ સંઘવી | અમદાવાદ | ૨૭ શ્રી સુંદરજી વીરજીભાઈ | જામનગર |
| ૧૪,, ખીમચંદ પ્રાગજીભાઈ મેતા | મુંબઈ | ૨૮,, ડો. પ્રવીણચંદ્ર દોશી | રાજકોટ |

| | | | |
|---|---|---|---|
| ૨૯ શ્રી દિનેશ જી. શાહ | મુંબઈ | ૫૭ શ્રી ધીરજલાલ નાગરદાસ શાહ | ધનબાદ |
| ૩૦,, વસંતરાય પ્રભુલાલ પારેખ | મુંબઈ | ૫૮ શ્રીમતી જડાવબેન નાનાલાલ જસાણી | મુંબઈ |
| ૩૧ શ્રીમતી સુશીલા પ્રફુલચંદ્ર કામાણી | જમશેદપુર | ૫૯ શ્રી ડો. સી. કે. માવાણી | ,, |
| ૩૨ શ્રી ન્યાલચંદ મલુકચંદ શાહ | સ્વીઝરલેંડ | ૬૦,, લાલજીભાઈ કચરાભાઈ શાહ | ,, |
| ૩૩,, કરમશી જેસા શાહ | મોમ્બાસા | ૬૧,, નીરંજનકુમાર હિંમતલાલ | સોનગઢ |
| ૩૪ શ્રીમતી મીનાબેન વિનોદચંદ્ર | ટાટાનગર | ૬૨ શ્રીમતી વસુમતીબેન રમણલાલ | અમદાવાદ |
| ૩૫ શ્રી શીવલાલ નરભેરામ દેસાઈ | કલકત્તા | ૬૩,, લીલાવતીબેન મનસુખલાલ કોઠારી | મુંબઇ |
| ૩૬,, અનોપચંદભાઈ ખારા | રાંચી | ૬૪ શ્રીમતી એમ. ડી. શાહ | માંચેસ્ટર |
| ૩૭,, મનુભાઈ પાનાચંદભાઈ કામદાર | વડોદરા | ૬૫ શ્રી હાંસીલાલ બંસીલાલ સરાફ | મલકાપુર |
| ૩૮ મેસર્સ પેકસાલ કોરપોરેશન | બેંગલોર | ૬૬ શ્રીમતી રૂપાબેન મેતા | કલકત્તા |
| ૩૯ શ્રીમતી વસુમતીબેન મણીયાર | મુંબઈ | ૬૭ શ્રી કાંતિલાલ નંદલાલ ગાંધી | બોટાદ |
| ૪૦ શ્રી દુર્લભજી ઉકાભાઈ દેસાઇ | કલકત્તા | ૬૮ શ્રીમતી કુસુમલત્તા પાટની | છિંદવાડા |
| ૪૧,, રસીકલાલ કુંવરજી શાહ | મુંબઈ | ૬૯ શ્રી હીરાલાલ ચીમનલાલ પરીખ | મુંબઈ |
| ૪૨,, પૂરણચંદજી ગોદીકા | જયપુર | ૭૦,, નૌતમલાલ જેઠાલાલ સંઘજી | ,, |
| ૪૩,, તરુણકુમાર સુમતીચંદ જૈન | ખંડવા | ૭૧,, દીપક જૈન | દિલ્હી |
| ૪૪ શ્રીમતી જડાવબેન રામજીભાઈ કામાણી | મુંબઇ | ૭૨,, સૌભાગ્યમલજી જૈન | ભોપાલ |
| ૪૫ શ્રી હસમુખરાય કાંતીલાલ ગાંધી | મુંબઈ | ૭૩ સ્વ. દેવચંદ વૃજલાલ શાહ | મોમ્બાસા |
| ૪૬ શ્રીમતી મંગળાબેન બી. શાહ | ,, | ૭૪ સ્વ. વછરાજ ગુલાબચંદ કામદાર | મુંબઈ |
| ૪૭ શ્રી મનહરલાલ મગનલાલ | રાજકોટ | ૭૫ સ્વ. દીપચંદજી શેઠીયા | સરદારશહર |
| ૪૮,, વૃજલાલ મગનલાલ શાહ | જલગાંવ | ૭૬ શ્રી ધીરજલાલ કાંતીલાલ | ખાંભા |
| ૪૯,, રમણીકલાલ અમૃતલાલ | મુંબઈ | ૭૭ ,, દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર | સાયલા |
| ૫૦ શ્રીમતી છબલબેન ફૂલચંદભાઈ | સોનગઢ | ૭૮,, પારસમલજી જૈન | બેંગલોર |
| ૫૧ શ્રી બલવંતરાય વેલજીભાઈ મેતા | ગૌહાટી | ૭૯,, મુથા પારસમલ જૈન | માંડવલા |
| ૫૨ શ્રીમતી કમલાદેવી જૈન | ઇન્દોર | ૮૦,, ઉમેદચંદ્ર ચુનીલાલ | મુંબઈ |
| ૫૩ શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ | ગૌહાટી | ૮૧ શ્રીમતી સ્વ. લીલાવતીબેન કાંતીલાલ | ,, |
| ૫૪,, નંદલાલ પ્રાગજીભાઈ મેતા | મુંબઈ | ૮૨,, ડો. સદગુણાબેન | ,, |
| ૫૫,, કાંતીલાલ મણીલાલ શાહ | અમદાવાદ | ૮૩ શ્રી મુકુંદભાઈ હીંમતલાલ મેતા | ,, |
| ૫૬ વર્ધમાન ભારતી સંચાલિત હાઇસ્કૂલ | વઢવાણ | ૮૪,, સવાઈચંદ ચુનીલાલ શાહ | ,, |

| | | | |
|---|---|---|---|
| ૮૫ મીસ વર્ષા એસ. શાહ | યુ. કે. | ૧૧૩ શ્રી પ્રકાશચંદજી જૈન | ખંડવા |
| ૮૬ શ્રી હેમચંદજી જૈન | દિલ્હી | ૧૧૪ શ્રીમતી તારાદેવી પાટની | છીંદવાડા |
| ૮૭ શ્રીમતી વીણાબેન સરાફ | ખંડવા | ૧૧૫ શ્રી વી. આર. દેસાઈ | રાજકોટ |
| ૮૮ શ્રી સોમચંદ ભગવાનજી શાહ | મોમ્બાસા | ૧૧૬ ,, જયંતીલાલ મુલચંદ | મુંબઈ |
| ૮૯ ,, બીપીનચંદ્ર ભગવાનજી શાહ | થાણા | ૧૧૭ ,, દીપચંદ ભાઈચંદ શાહ | ,, |
| ૯૦ ,, પંકજભાઈ શાંતિલાલ ઝવેરી | મુંબઈ | ૧૧૮ ,, ડી. એન. એફ | ,, |
| ૯૧ ,, ઉમેદલાલ ટી. જૈન | ,, | ૧૧૯ ,, પ્રભાકર હીંમતલાલ કામદાર | અમદાવાદ |
| ૯૨ ,, સાકરલાલ રતીલાલ શાહ | અમદાવાદ | ૧૨૦ ,, કાંતીલાલ ભુરાલાલ કોઠારી | મુંબઈ |
| ૯૩ ,, રાષ્ટ્રીય શાળા | મોરબી | ૧૨૧ ,, વનેચંદ ભુરાભાઈ કોઠારી | પોરબંદર |
| ૯૪ શ્રીમતી લલીતાબેન જે. મેતા | મુંબઈ | ૧૨૨ ,, રસીકલાલ વી. શાહ | મુંબઈ |
| ૯૫ ,, ઇન્દીરા જમનાદાસ શાહ | ,, | ૧૨૩ ,, નવનીત મણીલાલ શેઠ | ,, |
| ૯૬ શ્રી રસીકલાલ નાગરદાસ મોદી | ,, | ૧૨૪ ,, મુગટલાલ અમૃતલાલ ડગલી | ,, |
| ૯૭ ,, નિર્મલકુમાર બરડીયા | રાજનાંદગાંવ | ૧૨૫ ,, જયંતીલાલ એમ. દફતરી | ભિવંડી |
| ૯૮ ,, નગીનદાસ ભાયાણી | ભાવનગર | ૧૨૬ ,, રીખબદાસજી એમ. શાહ | મુંબઈ |
| ૯૯ ,, રામજીભાઈ રૂપસીભાઈ શાહ | સોનગઢ | ૧૨૭ ,, જયંતીલાલ જાદવજી ટીંબડીયા | કલકત્તા |
| ૧૦૦ બ્ર. પદમાબેન કેશવલાલ શાહ | સોનગઢ | ૧૨૮ ,, સુધાબેન અમુલ ભટ્ટ | મુંબઈ |
| ૧૦૧ શ્રી કેશવલાલ મહજીભાઈ શાહ | જલગાંવ | ૧૨૯ ,, બલુભાઈ ચુનીલાલ શાહ | મુંબઈ |
| ૧૦૨ ,, પદમશી લખમશીભાઈ શાહ | સોનગઢ | ૧૩૦ ,, ભીખાભાઈ ભુલાભાઈ શાહ | મુંબઈ |
| ૧૦૩ ,, નવીનચંદ્ર પુરુષોત્તમદાસ શાહ | મુંબઈ | ૧૩૧ શ્રીમતી જ્યાબેન આર. મેતા | સીંગાપુર |
| ૧૦૪ ,, ભરતકુમાર શાંતીલાલ શાહ | ,, | ૧૩૨ ,, ચંદ્રીકાબેન પી દોડીયા | મુંબઈ |
| ૧૦૫ ,, મીલનકુમાર ધનપાલભાઈ શાહ | ,, | ૧૩૩ શ્રી દીલીપકુમાર અમૃતલાલ | સિકન્દરાબાદ |
| ૧૦૬ ,, હીતેશકુમાર નરેન્દ્રકુમાર શાહ | ,, | ૧૩૪ ,, રાજેન્દ્ર ધીરજલાલ ડેલીવાળા | મુંબઈ |
| ૧૦૭ ,, પ્રવીણકુમાર સારાભાઈ શાહ | ,, | ૧૩૫ ,, ચંપકલાલ વીકમચંદ સંઘવી | મુંબઈ |
| ૧૦૮ શ્રીમતી પ્રીતીબેન રસીકલાલ | ,, | ૧૩૬ ,, વૃજલાલ ભાઈલાલ ડેલીવાળા | સુરત |
| ૧૦૯ ,, ઉષાબેન રમેશચંદ્ર શાહ | ,, | ૧૩૭ ,, મનહરલાલ ધીરજલાલ શાહ | સુરત |
| ૧૧૦ શ્રી અરૂણ એમ. મેતા | વડોદરા | ૧૩૮ ,, જાદવજી જેચંદભાઈ ટીંબડીયા | સોનગઢ |
| ૧૧૧ ,, વસનજી ભાણજી શાહ | મુંબઈ | ૧૩૯ ,, ભુરાલાલ ગોપાળજી કામદાર | સુરત |
| ૧૧૨ ,, સ્વરૂપચંદ નેમચંદ શ્રોફ | ,, | ૧૪૦ ,, મહેન્દ્રકુમાર રમણીકલાલ શેઠ | મુંબઈ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪૧ | શ્રીમતિ સ્નેહલત્તાબેન ભરતકુમાર શેઠ | સોનગઢ | ૧૬૯ | બ્ર. મધુબેન જોબાળીયા | સોનગઢ |
| ૧૪૨ | ,, ઇંદુબેન મનુભાઈ શાહ | મુંબઈ | ૧૭૦ | શ્રીમતી જ્યોતિ કે. ઝવેરી | યુ.એસ.એ. |
| ૧૪૩ | ,, પ્રભાબેન જૈન | સોનગઢ | ૧૭૧ | ,, ભારતી એસ. દવે | યુ.એસ.એ. |
| ૧૪૪ | ,, કસુમબેન મોતીલાલ જૈન | ખંડવા | ૧૭૨ | ,, લાભકુંવરબેન જગજીવનદાસ | મુંબઈ |
| ૧૪૫ | શ્રી રસીકલાલ હેમચંદ વસા | જામનગર | ૧૭૩ | ,, મંજુલા એન. શાહ | મુંબઈ |
| ૧૪૬ | ,, મધુકુમાર હરીલાલ શાહ | મુંબઈ | ૧૭૪ | શ્રી બીપીનચંદ્ર મનસુખલાલ | મુંબઈ |
| ૧૪૭ | ,, લક્ષ્મીચંદ કેશવજી શાહ | નાઈરોબી | ૧૭૫ | ,, ચીમનલાલ પ્રેમજી ગોસલીયા | અમદાવાદ |
| ૧૪૮ | ,, ચંદુલાલ હરીલાલ મહેતા | જમશેદપુર | ૧૭૬ | ,, હરીલાલ ભુરાભાઈ શાહ | રાજકોટ |
| ૧૪૯ | ,, ગુણવંતરાય રતીલાલ | મુંબઈ | ૧૭૭ | ,, અતુલકુમાર ઘીયા | મુંબઈ |
| ૧૫૦ | ,, દલીચંદભાઈ બી. દામાણી | મુંબઈ | ૧૭૮ | ,, લલીતાબેન જયસુખલાલ | રાજકોટ |
| ૧૫૧ | ,, કાંતીભાઈ બી. શાહ | મુંબઈ | ૧૭૯ | ,, ચીમનલાલ ડી. શાહ | હૈદ્રાબાદ |
| ૧૫૨ | ,, ભાનુબેન સેવંતીલાલ ટોલીયા | કોઈમ્બતુર | ૧૮૦ | ,, નેમીચંદજી પાટની | આગ્રા |
| ૧૫૩ | ,, ચંદુલાલ જગજીવનદાસ પારેખ | મુંબઇ | ૧૮૧ | શ્રીમતી સરયુબાળા નગીનદાસ | કોઇમ્બતુર |
| ૧૫૪ | ,, ડો. રમેશ સી. શાહ | યુ.એસ.એ. | ૧૮૨ | શ્રી ઉલાસકુમાર મનસુખલાલ | મુંબઇ |
| ૧૫૫ | ,, ચંદ્રકાંત કેવળચંદ જવેરી | મુંબઇ | ૧૮૩ | શ્રીમતી ભારતીબાળા નંદલાલ | કોઇમ્બતુર |
| ૧૫૬ | ,, કનૈયાલાલ રતીલાલ શાહ | મીયાગામ | ૧૮૪ | શ્રી જૈન ટ્રેડર્સ | કલકત્તા |
| ૧૫૭ | ,, ઇન્દ્રચંદ સરાવગી | નલહટ્ટી | ૧૮૫ | ,, હસમુખલાલ લાલચંદ | જવાઈબાંધ |
| ૧૫૮ | ,, રજનીકાંત મગનલાલ મહેતા | મુંબઇ | ૧૮૬ | ,, પ્રવીણચંદ્ર છોટાલાલ મહેતા | મુંબઇ |
| ૧૫૯ | બ્ર. સુલોચનાબેન શાંતીલાલ | સોનગઢ | ૧૮૭ | ,, તારાચંદ અવીચળ દેસાઇ | મુંબઇ |
| ૧૬૦ | શ્રી બકુલચંદ્ર વૃજલાલ મહેતા | મુંબઈ | ૧૮૮ | શ્રીમતિ જ્યોત્સનાબેન એમ. | મુંબઈ |
| ૧૬૧ | ,, મનહરલાલ મગનલાલ મહેતા | દીલ્હી | ૧૮૯ | શ્રી બાબુલાલ ભુદરજી કોઠારી | મુંબઈ |
| ૧૬૨ | ,, મનોજકુમાર પાટની | ઇંદોર | ૧૯૦ | ,, કાંતીલાલ રામજીભાઈ મોટાણી | ,, |
| ૧૬૩ | ,, વસંતલાલ નરભેરામ પારેખ | મુંબઈ | ૧૯૧ | ,, સુનીલકુમાર પ્રવીણચંદ્ર કોઠારી | રાજકોટ |
| ૧૬૪ | ,, ઈશ્વરચંદજી પ્યારચંદજી | સનાવદ | ૧૯૨ | ,, ગંભીરચંદ હકમીચંદ જૈન | મુંબઈ |
| ૧૬૫ | ,, કનૈયાલાલજી ડાલચંદજી સરાફ | ભોપાલ | ૧૯૩ | ,, ચારૂચંદ્ર ભોગીલાલ શેઠ | અમદાવાદ |
| ૧૬૬ | ,, જયંતીલાલ સી. શાહ | સીકંદરાબાદ | ૧૯૪ | ,, ઈશ્વરલાલ ભગવાનદાસ સુતરીયા | મુંબઈ |
| ૧૬૭ | ,, દીલીપકુમાર મનસુખલાલ | મુંબઇ | ૧૯૫ | ,, કુમુદચંદ્ર ભગવાનદાસ સુતરીયા | ,, |
| ૧૬૮ | ,, પુનમચંદ મલુકચંદ જોબાળીયા | મુંબઇ | | ( બીજા નામો આવતા અંકે ) | |

## વિવિધ સમાચાર

* સોનગઢમાં પૂજ્ય ગુરુદેવ સુખશાંતિમાં બિરાજી રહ્યા છે. વચ્ચે શરદી–તાવના કારણે ૧૪ દિવસ પ્રવચનો બંધ રહ્યા હતા, હવે પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય પૂર્વવત્ સારું છે, બંને ટાઈમ પ્રવચનો તથા રાત્રિચર્ચા નિયમિત ચાલી રહ્યા છે. સવારે શ્રી પરમાત્મપ્રકાશ–દ્વિતીય અધિકારની ગાથા ૧૦ પર તથા બપોરે શ્રી સમયસાર કર્તાકર્મ–અધિકારની ગાથા ૧૪૪ પર ગુજરાતીમાં પ્રવચનો ચાલી રહ્યા છે.

* એશિયાભરમાં સૌથી વિશાળ એવી ભગવાન ઋષભદેવની ૮૪ ફુટ ઉન્નત પ્રતિમા શ્રી બાવનગજાજીનો મહામસ્તકાભિષેક તા. ૭–૧૧–૭૬ કારતક વદ ૧ ના સવારમાં ૮–૩૦ વાગ્યે થશે. સિદ્ધચક્ર મંડળ વિધાન તા. ૩૦–૧૦–૭૬ થી શરૂ થશે. ઉપરાંત માળવા પ્રાંતિક સભાનું અધિવેશન, મહિલા સંમેલન, સાર્વજનિક મેળો, રથયાત્રા અને વિદ્વાનોની શાસ્ત્રસભા આદિ અનેક ધાર્મિક પ્રવૃત્તિ ગોઠવવામાં આવી છે. આ પ્રસંગે ભગવાન આદિનાથના અભિષેકનો લાભ મળશે. અભિષેકના કળશ રૂા. ૫૦૧, ૨૫૧, ૧૫૧ તથા ૧૦૧ માં પ્રાપ્ત થશે, અભિષેકના કળશની નોંધનું કાર્ય ચાલુ છે. લખોઃ

માણેકચંદ પાટની, સહ પ્રચારમંત્રી
શ્રી દિ. જૈન બડવાની સમિતિ, બડવાની (મ. પ્ર.)

### * આત્મધર્મના વાર્ષિક લવાજમનું નવું વર્ષ શરૂ થાય છે *

* ગુજરાતી આત્મધર્મ લવાજમનું વર્ષ પૂરું થઈ ગયું છે. આપ પોતાનું નવા વર્ષનું લવાજમ રૂા. ૬/– સમયસર મોકલી આપી સંસ્થાના સહકારમાં સાથ આપશો.

આત્મધર્મ કાર્યાલય,
સોનગઢ, ૩૬૪ ૨૫૦

અહો ભગવાન! સ્વાશ્રય વડે આપ જ્ઞાનસંપદાને પામ્યા, અને અમને પણ જ્ઞાનસંપદાની પ્રાપ્તિનો જ ઉપદેશ આપીને આપ મુક્તિપુરીમાં સીધાવ્યા....હે પ્રભો! અમે તે ઉપદેશ ઝીલીને, જ્ઞાનસંપદા તરફ ઝૂકીને, આપને નમસ્કાર કરીએ છીએ, ને આપના પંથે...આપના પુનિત પગલે આવીએ છીએ.

# જ્ઞાન-સ્વભાવ

મૂળ લેખક : શ્રી ‘યુગલ’, એમ. એ. સાહિત્યરત્ન, કોટા.

**જ્ઞાન આત્માનો સાર્વકાલિક સ્વભાવ છે, તે આત્માની એક અસાધારણ શક્તિ તથા લક્ષણ પણ છે. અનંત જડ–ચેતનતત્ત્વોના સમુદાય સ્વરૂપ એવા આ વિશ્વમાં જ્ઞાનથી જ ચેતનની ભિન્ન ઓળખાણ થાય છે. તે આત્માનો એક મુખ્ય ગુણ છે જે વિશ્વનું સવિશેષ સાર્વકાલિક પ્રતિભાસન કરે છે. આત્માના અનંત ગુણ તથા ધર્મ પણ જ્ઞાનમાં જ પ્રતિબિંબિત થાય છે, જાણે કે જ્ઞાનમાં જ આત્માનું સર્વસ્વ સમાઈ રહ્યું હોય.**

શ્રી સમયસાર પરમાગમમાં આત્માને જ્ઞાન માત્ર જ કહ્યો છે. લોકમાં પણ કોઈ એક એવી વિશેષતાની અપેક્ષાએ કોઈ વ્યક્તિને સંબોધિત કરવાની પદ્ધતિ છે કે જે તેનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ કરી શકે. જેમ કોઇ વ્યક્તિને ન્યાયધીશના નામથી સંબોધવામાં આવે છે. ન્યાયાધીશપણું તેની એક એવી વિશેષતા છે કે જેથી તે બધા મનુષ્યોથી ભિન્ન ઓળખાઈ આવે છે. જો કે તેનામાં અન્ય સામાન્ય મનુષ્યો જેવી તથા વ્યક્તિગત પોતાની અનેક વિશેષતાઓ પણ છે. તે કેવળ ન્યાયાધીશ જ નથી પરંતુ ન્યાયાધીશ સંજ્ઞામાં તેનું સંપૂર્ણ સામાન્ય–વિશેષ વ્યક્તિત્વ ગર્ભિત પણે આવી જાય છે. તેથી ન્યાયાધીશ શબ્દ તેનું સંપૂર્ણ પ્રતિધિત્વ કરે છે. અર્થાત્ તે વ્યક્તિ જે કાંઈ છે તે બધું ન્યાયાધીશપણામાં સમાઈ ગયું છે. એ જ રીતે જ્ઞાન આત્માના અનંત ગુણ ધર્મો સમાન જો કે આત્માનો એક વિશેષ ગુણ જ છે. પરંતુ તેના વિના આત્મા ઓળખાતો જ નથી. જ્ઞાનનો વ્યાપાર પ્રગટ અનુભવમાં આવે છે. અન્ય શક્તિઓમાં એ વિશેષતા નથી. તેથી ‘उपयोगो लक्षणम्’ ની છાયામાં અનંત પદાર્થોના સમુદાયરૂપ એવા આ મિશ્રિત વિશ્વમાં જ્ઞાનથી જ આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ અને વ્યક્તિત્વ સિદ્ધ થાય છે. કેવળ આત્માના જ નહિ પરંતુ જગતના અસ્તિત્વની

સિદ્ધિ પણ જ્ઞાન જ કરે છે. જ્ઞાન જગતના નગૂઢતમ રહસ્યોનું ઉદ્ઘાટન કરે છે. તેથી જ્ઞાન જ આત્માનું સર્વસ્વ છે અને તેના વિના વિશ્વમાં આત્મા સંજ્ઞાવાળા કોઈ ચેતનતત્ત્વની કલ્પના જ વ્યર્થ છે. જ્ઞાનનો સ્વભાવ હૃદયંગમ કરી લેતાં સંપૂર્ણ આત્મસ્વભાવની સમજણ જ સુલભ થઈ જાય છે. તેથી પ્રજ્ઞાવંત આચાર્ય કુંદકુંદે પોતાના સમયસાર પરમાગમમાં આત્માને જ્ઞાન-માત્ર જ કહ્યો છે. જ્ઞાન-માત્ર કહેવામાં આત્માના માત્ર જ્ઞાન-ગુણની જ નહિ, પરંતુ અનંત ગુણ ધર્મોના સમુદાયરૂપ એક અખંડ જ્ઞાયક આત્માની જ પ્રતીતિ થાય છે. જ્ઞાનની સ્મૃતિ-માત્રમાં જ અખંડ ચેતનતત્ત્વ પોતાની અનંત વિભૂતિઓ સાથે દ્રષ્ટિમાં આવે છે. જ્ઞાનના એક સમયના પરિણમનને જુઓ, તેમાં આત્માનું સર્વસ્વ જ પરિણમેલું છે, તેથી આત્મા જાણે કે જ્ઞાન જ છે, અન્ય કાંઈ નહિ. આ રીતે ગુણ-ગુણીની અભેદદ્રષ્ટિમાં જ્ઞાન આત્મા જ છે.

આ જ્ઞાન આત્માનો ત્રૈકાલિક સ્વભાવ છે. જે સ્વભાવ ત્રૈકાલિક હોય છે તેનો વસ્તુથી કદી અભાવ નથી થતો. અને વસ્તુની જેમ તે સદા પૂર્ણ, અખંડ અને શુદ્ધ હોય છે. વસ્તુ તે સ્વભાવની જ બનેલી હોય છે. તેથી સ્વભાવ કદી તેનાથી જુદો કરી શકાતો નથી. જેમ ઉષ્ણતા અગ્નિનો સ્વભાવ છે. ઉષ્ણતા રહિત અગ્નિ કોઈ વસ્તુ જ નથી, તેથી ઉષ્ણતા અગ્નિનું સર્વસ્વ જ છે.

જ્ઞાનનો સ્વભાવ જાણવું અર્થાત્ વસ્તુના સર્વાંગનું પ્રતિભાસન કરવું છે. કેમ કે સ્વભાવ અસહાય, અકૃત્રિમ અને નિરપેક્ષ હોય છે. તેથી જ્ઞાન પણ જગતથી પૂર્ણ નિરપેક્ષ અને અસહાય રહીને પોતાનો અનાદિ અનંત જાણવાનો વ્યાપાર કર્યા કરે છે. પોતાના જાણવાના કાર્યનું સંપાદન કરવા માટે જ્ઞાનને જગતથી કાંઈ પણ આદાન-પ્રદાન નથી કરવું પડતું. દર્પણ સમાન જ્ઞાનની વસ્તુને જાણવાની રીત એ છે કે તે સદા પોતાના એકરૂપ અખંડ સ્વરૂપને સુરક્ષિત રાખીને જ્ઞેયાકારે પરિણમ્યા કરે છે. જ્ઞેયાકાર પરિણતિ જ્ઞાનનો વિશેષ ભાવ છે અને તે જ્ઞેયાકાર પરિણતિમાં જ્ઞાનત્વનો અન્વય તેનો સામાન્ય ભાવ છે. જેમ દર્પણ પોતાના સ્વચ્છ સ્વભાવથી વસ્તુઓને પોતાનામાં પ્રતિબિંબિત કરે છે. દર્પણમાં વસ્તુઓના અનેક આકાર-પ્રકાર રચાયા-ભુંસાયા કરે છે પરંતુ દર્પણ પ્રત્યેક પરિવર્તનમાં અક્ષુણ્ણ રહે છે. વસ્તુઓના અનેક આકાર-પ્રકારના સંગઠન અને વિધાન (રચના) માં દર્પણની એકરૂપતા અપ્રભાવિત રહે છે. સાથોસાથ તે આકાર-પ્રકારોથી દર્પણની સ્વચ્છતાને આંચ આવતી નથી. જેમ દર્પણમાં અગ્નિ પ્રતિબિંબિત થાય છે પરંતુ દર્પણમાં અગ્નિના પ્રતિબિંબથી ન તો દર્પણ તૂટે છે કે ન ગરમ થાય છે કેમ કે દર્પણમાં જે અગ્નિ દેખાય છે, તે સાક્ષાત્ અગ્નિ નથી પરંતુ તે તો દર્પણની પોતાની અગ્નિ છે. તે દર્પણની પોતાની

પર્યાય છે. તેથી વાસ્તવમાં તે દર્પણ જ છે. દર્પણમાં પ્રતિબિંબિત અગ્નિની રચનાનું નિયામક ઉપાદાન દર્પણનું પોતાનું સ્વતંત્ર છે. પોતાની અગ્નિની રચનામાં દર્પણે બહારની અગ્નિથી કાંઈ પણ સહયોગ લીધો નથી. આ અગ્નિ દર્પણની પોતાની સ્વતંત્ર સૃષ્ટિ અને સંપત્તિ છે. દર્પણની અગ્નિનો આકાર બહારની અગ્નિ જેવો હોવા છતાં પણ બહારની અગ્નિ તેમાં રંચમાત્ર કારણ નથી. તથા બહાર અગ્નિ બળી રહી છે તેથી દર્પણમાં અગ્નિ પ્રતિબિંબિત થઈ રહી છે એ પણ નિતાંત અસત્ય છે. જો એમ માની લેવામાં આવે તો વસ્તુઓને પ્રતિબિંબિત કરવાનો દર્પણનો સ્વભાવ નહિ રહે. અગ્નિનો સ્વભાવ અગ્નિ સાપેક્ષ હોઈને 'સ્વભાવ' એવી સંજ્ઞા જ ખોઈ બેસશે. વાસ્તવમાં દર્પણના સ્વચ્છ સ્વભાવમાં જો અગ્નિ–આકારના પરિણમનની શક્તિ અને યોગ્યતા ન હોય તો આખું વિશ્વ એકત્ર થઈને પણ તેને અગ્નિના આકારે કરી શકે નહિ. અને જો સ્વયં દર્પણમાં અગ્નિ–આકારે થવાની શક્તિ અને યોગ્યતા છે તો પછી તેને અગ્નિની શી અપેક્ષા છે? જે શક્તિ શૂન્ય છે તેને શક્તિ આપી શકાતી નથી અને જે શક્તિમય છે તેને પોતાની શક્તિના પ્રયોગમાં કોઈ બીજાની અપેક્ષા હોતી નથી. જગતની કોઈ પણ વસ્તુ પર સાપેક્ષ રહીને પોતાનું અસ્તિત્વ રાખી શકતી નથી. જો દર્પણમાં પ્રતિબિંબિત અગ્નિનું કારણ બહારની અગ્નિ હોય તો પાષાણમાં પણ અગ્નિ પ્રતિબિંબિત થવી જોઈએ, પરંતુ એમ થતું નથી. તેથી પોતાની અગ્નિની રચનાની સંપૂર્ણ સામગ્રી દર્પણના પોતાના અક્ષર કોષમાં જ પડી છે, તેને કોઈ પાસેથી કાંઈ ઉધાર નથી લેવું પડતું.

આ ચર્ચામાં એવો તર્ક પણ રજુ કરવામાં આવે છે કે જો બહારની અગ્નિ દર્પણની અગ્નિનું કારણ ન હોય અને દર્પણમાં તે સમયે અગ્નિ–આકાર પરિણમનની સ્વતંત્ર યોગ્યતા છે તો પછી જ્યારે અગ્નિ ન હોય ત્યારે પણ દર્પણના અગ્નિ–આકાર પરિણામ થવા જોઈએ અથવા અગ્નિ સામે હોછા છતાં પણ દર્પણમાં અગ્નિ પ્રતિભાસ્તિ ન થતાં ન બીજું કાંઈક પ્રતિભાસન થવું જોઈએ. વિચિત્ર તર્ક છે–જે દર્પણના સ્વભાવની સ્વતંત્રતા ઉપર એક સીધો પ્રહાર છે. જો દર્પણની સમક્ષ અગ્નિ હોય અને તે તેવીને તેવી દર્પણમાં પ્રતિબિંબિત ન થાય તો પછી આપણે દર્પણ કઈ વસ્તુને કહીશું? વસ્તુ જેવી હોય તેવી જ તેને પ્રતિબિંબિત કરે તેને જ તો દર્પણ કહે છે. વળી જો અગ્નિના અભાવમાં પણ દર્પણમાં અગ્નિ પ્રતિબિંબિત થાય અથવા અગ્નિની સમક્ષતામાં દર્પણમાં અગ્નિના સ્થાને ઘટ પ્રતિબિંબિત થાય તો દર્પણની પ્રામાણિકતા જ શું કહેવાશે? તેથી અગ્નિનું પણ હોવું અને દર્પણમાં પણ સાંગોપાંગ તે જ પ્રતિબિંબિત થવું એ જ વસ્તુસ્થિતિ છે અને એ જ વસ્તુસ્વભાવગત અનાદિનિધન નિયમ પણ છે. એમાં પારસ્પરિક કારણ–કાર્ય ભાવથી ઉત્પન્ન કોઈ પરતંત્રતા અથવા સાપેક્ષતાને માટે રંચમાત્ર અવકાશ નથી. આ રીતે દર્પણ અને તેનો અગ્નિ–આકાર અગ્નિથી સર્વથા જુદો તથા નિર્લિપ્ત જ રહી જાય છે.

દર્પણની જેમ જ્ઞાન પણ જ્ઞેયથી અત્યંત નિરપેક્ષ રહીને પોતાના જ્ઞેયાકારના ઉત્પાદ–વ્યય કરે છે. જ્ઞાનના આ જ્ઞેયાકારને જ્ઞાનનો ‘અતત્’ સ્વભાવ કહે છે. બીજા અનેક જ્ઞેયોના આકારે પરિણમીને પણ પ્રત્યેક જ્ઞેયાકારમાં જ્ઞાનત્વની ધારાવાહિકતાનો કદી ભંગ થતો નથી. અર્થાત્ જ્ઞાનનો પ્રત્યેક જ્ઞેયાકાર પરિણામ જ્ઞાન–સામાન્યનો અન્વય અખંડ તથા અપરિવર્તિત છે. જ્ઞાનના પત્યેક જ્ઞેયાકારમાં જ્ઞાન જ પ્રતિધ્વનિત થાય છે, તેને આગમમાં જ્ઞાનનો ‘તત્’ સ્વભાવ કહ્યો છે. પોતામાં અનંત લોકાલોકરૂપ ચિત્ર–વિચિત્ર જ્ઞેયાકાર નિયત સમયમાં ઉત્પન્ન કરવામાં જ્ઞાન અત્યંત સ્વતંત્ર છે. આમાં તેને લોકાલોકની કોઈ અપેક્ષા નથી. ન તેને લોકમાંથી કાંઈ લેવું પડે છે કે ન કાંઈ દેવું પડે છે. જ્ઞાનમાં જે લોકાલોક પ્રતિબિંબિત થાય છે, જ્ઞાનના તે જ્ઞેયાકારની રચના જ્ઞાનની ઉપાદાન સામગ્રીથી થાય છે, લોકાલોકરૂપ નિમિત્તનું તેમાં જરાય કારણપણું નથી. તેથી જ્ઞાન લોકાલોકને જાણે છે એ કથન વ્યવહાર જ છે. વાસ્તવમાં જ્ઞાન જ્ઞેયોન્મુખ ન હોતાં સ્વતંત્રરૂપે પોતાના જ્ઞેયાકારોને જ જાણે છે. જેમ આપણે કોઈ કોઈ મહેલની કલ્પના કરીએ છીએ. મહેલ તો પાષાણની બનેલી હોય છે પરંતુ આપણી કલ્પનાની મહેલ તો આપણી કલ્પનાથી જ બની છે, પાષાણથી નહિ.

એ જ રીતે જ્ઞાનના જ્ઞેયાકાર સર્વ જ્ઞાનની જ સૃષ્ટિ છે અને તે જ્ઞેયથી અત્યંત ભિન્ન જ રહે છે તથા જગતમાં જ્ઞેય છે તેથી જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે એ તર્ક જ ભ્રમમૂલક છે. જે જ્ઞાનની અપ્રતિહત શક્તિની અવહેલના કરીને જ્ઞાનના નપુંસકપણાની ઘોષણા કરે છે. જ્ઞેય જેવો આકાર જ્ઞાનમાં જાણવાનો એવો અર્થ તો કદાપિ થઈ શકતો નથી કે જ્ઞાનનું તે કાર્ય જ્ઞેયની કૃપાથી નિષ્પન્ન થયું છે. એ તો જ્ઞાનની સ્વચ્છતા તથા પ્રામાણિકતાનું જ પ્રતીક છે. જગતમાં સદૃશ કાર્ય તો અનેક થાય છે પરંતુ કોઈની કૃપાની તેમાં કોઈ અપેક્ષા નથી હોતી. જેમ કે આપણા પાડોશીને ઘેર ભાત બનાવવામાં આવે અને આપણે ત્યાં પણ ભાત બનાવવામાં આવે તો આપણે પાડોશીનું અનુકરણ કરીને અથવા પાડોશી પાસેથી કાંઈ લઈને તો આપણા ભાત બનાવ્યા નથી, આપણા ભાત સ્વતંત્રરૂપે પોતાના નિયત સમયે આપણી સંપત્તિથી બન્યા છે અને એ જ રીતે પાડોશીના પણ. બન્નેમાં કોઈ સંબંધ જ બનતો નથી. હા, સાદૃશ્ય તો બન્નેમાં છે, પરંતુ સંબંધ કાંઈ પણ નથી. એ જ રીતે જ્ઞાનમાં કોઈ જ્ઞેય અથવા ઘટ પ્રતિબિંબિત થાય છે તો જ્ઞાનનો ઘટાકાર તો જ્ઞાનની પોતાની શક્તિથી પોતાના નિયત સમયે ઉત્પન્ન થયો છે, માટીના ઘટના કારણે નહિ; કારણકે માટીનો ઘટ તો પહેલાં પણ વિદ્યમાન હતો પરંતુ જ્ઞાનનો ઘટ પહેલાં ન હતો. જ્ઞાને પોતાના ક્રમબદ્ધ પ્રવાહમાં પોતાનો ઘટ હવે બનાવ્યો છે અને તે ઘટાકારની રચનામાં જ્ઞાને માટીમય ઘટનું અનુકરણ નથી કર્યું પણ જ્ઞાનનો ઘટાકાર માટીમય ઘટાકારથી નિતાંત પૃથક્ જ્ઞાનનો પોતાના સમયનો સ્વતંત્ર નિરપેક્ષ ઉત્પાદ છે.

જ્ઞાનમાં ઘટાકારની રચના, જ્ઞાનના અનાદિ અનંત પ્રવાહક્રમમાં નિયત ક્ષણમાં જ થઈ છે. એની એક ક્ષણ પણ આગળ–પાછળની કલ્પના એકાંત મિથ્યા છે. 'જ્ઞાનની સામે ઘડો છે' તેથી ઘડો જ પ્રતિબિંબિત થયો–એ વાત તર્ક અને સિદ્ધાંતની કસોટીએ પણ સિદ્ધ નથી. જો એને સિદ્ધાંતથી સ્વીકારી લેવામાં આવે તો પછી લોકાલોક તો સદાય વિદ્યમાન છે, કેવળજ્ઞાન કેમ નથી થતું ? વળી જો પદાર્થ જ્ઞાનનું કારણ હોય તો પછી છીપને જોતાં ચાંદીની ભ્રાંતિ કેમ થઈ જાય છે? અથવા વસ્તુ ન હોવા છતાં પણ વાળ મચ્છરાદિનું જ્ઞાન કેવી રીતે ઉત્પન્ન થઈ જાય છે? તથા ભૂત અને ભાવી પર્યાયો તો વર્તમાનમાં વિદ્યમાન નથી, તેમનું જ્ઞાન કેવી રીતે થઈ જાય છે? તેથી જ્ઞેયથી જ્ઞાનની સર્વાંગી નિરપેક્ષતા નિર્વિવાદ છે.

આ લોકમાં જ્ઞાનનો એવો અદ્‌ભુત સ્વભાવ છે. અને આ નિરપેક્ષ, નિર્લિપ્ત, નિરાવરણ જ્ઞાનસ્વભાવની પ્રતીતિ અને અનુભૂતિ ભવ–વિનાશિની છે. જ્ઞાની જાણે છે કે 'જે સમયે જે જ્ઞેય મારા જ્ઞાનમાં પ્રતિબિંબિત દેખાય છે તે બધો જ્ઞાનનો જ આકાર છે. તે બધું હું જ છું અને તે પ્રતિબિંબ મારો જ સ્વભાવ છે. જ્ઞાનનો તે આકાર જ્ઞેયથી તદ્દન ખાલી છે. તેમાં જ્ઞેયનો એક અવિભાગ પ્રતિચ્છેદ પણ પ્રવેશેલો નથી. અને તે આકાર મારા જ્ઞાનના નિયત સ્વકાળે મારા જ્ઞાનથી જ ઉત્પન્ન થયો છે અને તે જ ઉત્પન્ન થવા યોગ્ય પણ છે. અન્ય પરિણામને તે સમયે મારા જ્ઞાનના પ્રવાહમાં ઉત્પન્ન થવાનો અવકાશ અને અધિકાર નથી. આમાં 'આ કેમ' આવ્યું અને અન્ય 'કેમ નહીં' એ પ્રશ્ન જ રહેતો નથી. જ્ઞાનમાં પ્રતિબિંબિત જ્ઞેયાકારના સંબંધમાં જેને 'કેમ' એવો વિષમભાવ ઉત્પન્ન થાય છે તે વાસ્તવમાં જ્ઞાનના જ્ઞેયાકાર, જ્ઞાનસ્વભાવ અને આત્માનો જ અભાવ ચાહે છે. જ્ઞાન–સ્વભાવની આ પ્રતીતિ નિર્ભયતા અને નિઃશંકતાને જન્મ આપે છે. જ્ઞાની આ પ્રતીતિમાં સદાય નિશ્ચિત જ છે કે મારી જ્ઞાન–પરિધિમાં જગતનો પ્રવેશ જ નિષિધ છે. તેથી અનેકાકાર થઈને પણ જ્ઞાન નિર્મળ જ રહે છે અને તે અનેકાકાર પણ જ્ઞાનના જ વિશેષો હોવાને કારણે જ્ઞાન જ છે. જ્ઞાનના આ વિશેષો કોઈ વ્યવસ્થાની વસ્તુ નથી પરંતુ સહજ જ પોતાના નિયત સમયે જ્ઞાનસામાન્યમાંથી ઉત્પન્ન થયા કરે છે તેથી જ્ઞાની આ વિશેષોનો પણ તિરોભાવ કરીને જ્ઞાનસામાન્ય પર જ પોતાના દ્રષ્ટિ કેન્દ્રિત કરે છે અને નિરંતર શુદ્ધ જ્ઞાન જ તેની અનુભૂતિમાં અવતરે છે.

આનાથી વિપરીત અજ્ઞાની સદાય જ્ઞાનમાં જ્ઞેયાકારોના પ્રવેશની ભ્રાંતિથી આકુલિત રહે છે. તેને એવું લાગે છે કે આ ઇન્દ્રિયોના વિષય મારી અંદર જ આવી રહ્યા છે. વાસ્તવમાં તો ઇન્દ્રિયવિષય જ્ઞાનમાં પ્રતિબિંબિત માત્ર થાય છે. જ્ઞાનના પ્રતિબિંબને અજ્ઞાની સાક્ષાત્ જ્ઞેય જ સમજે છે. તેથી તેને સદા જ્ઞેયમિશ્ર જ્ઞાનની અશુદ્ધ અનુભૂતિ જ થાય

છે. શ્રી સમયસાર પરમાગમની ૧૫ મી ગાથાની ટીકામાં આચાર્ય શ્રી અમૃતચંદ્ર એનું અત્યંત માર્મિક વિવેચન કરે છેઃ–

‘અનેક પ્રકારના જ્ઞેયોના આકારો સાથે મિશ્રરૂપપણાથી ઊપજેલ સામાન્યના તિરોભાવ અને વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું (વિશેષભાવરૂપ, ભેદરૂપ, અનેકાકારરૂપ) જ્ઞાન તે અજ્ઞાની, જ્ઞેયલુબ્ધ જીવોને સ્વાદમાં આવે છે પરંતુ અન્ય જ્ઞેયાકારના સંયોગરહિતપણાથી ઊપજેલ સામાન્યના આવિર્ભાવ અને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું એકાકાર અભેદરૂપ જ્ઞાન તે સ્વાદમાં આવતું નથી; વળી પરમાર્થથી વિચારીએ તો–તો, જે જ્ઞાન વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવે છે તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે. અલુબ્ધ જ્ઞાનીઓને તો, જેમ સૈંધવની ગાંગડી, અન્ય દ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ સૈંધવનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક ક્ષારરસપણાને લીધે ક્ષારપણે સ્વાદમાં આવે છે તેમ આત્મા પણ, પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ આત્માનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક વિજ્ઞાનઘનપણાને લીધે જ્ઞાનપણે સ્વાદમાં આવે છે.’

વાસ્તવમાં જ્ઞાનસામાન્યની વિસ્મૃતિ કરી દેવાથી જ્ઞાનના અનેકાકારની સૃષ્ટિ ન બનતાં જ્ઞેયની સૃષ્ટિ બની જાય છે અને શાક તથા લવણના મિશ્રણની જેમ, અજ્ઞાનીને સદાય ‘આ દેહ હું જ છું, આ જવર મને જ છે, ’ એવો મિશ્ર સ્વાદ આવે છે; પરંતુ જ્ઞાનીને તો સદાય જ્ઞાનસામાન્યની જ સ્મૃતિ છે. ‘મારું જ્ઞાન જ્વર તથા દેહાકાર પરિણમવા છતાં પણ હું દેહ તથા જ્વરથી ભિન્ન જ્ઞાન જ છું. જ્ઞાનને દેહ નથી અને જ્ઞાનને કદી જ્વર ચડતો જ નથી’ તેથી જ્ઞાનના જ્વરાકાર અને દેહાકાર પરિણામ પણ જ્ઞાનીને દેખાતા નથી. આમાં એ તર્ક પણ અપેક્ષિત નથી કે જો નિરંતર જ્ઞાનસામાન્યની જ દૃષ્ટિ રહે તો પછી જ્ઞાનના વિશેષોનું શું થશે? વાસ્તવમાં જ્ઞાન તો સહજ જ જ્ઞેય–નિરપેક્ષ રહીને અનેકાકાર પરિણમ્યા કરે છે. કોઈ પ્રબંધ વિના જ તે અનેકાકાર જ્ઞાનમાં થયા કરે છે. જેમ આપણા ઘરમાં ઝૂલતા દર્પણમાં પાડોશીનાં મકાન, મનુષ્ય આદિ સહજ મૌનભાવે પ્રતિબિંબિત થયા કરે છે, આપણે તેમની વ્યવસ્થા નથી કરતા અને દર્પણના તે ખંડભાવ (પ્રતિબિંબ) આપણા પ્રયોજનની વસ્તુ પણ નથી. જો કે તે આપણા જાણવામાં અવશ્ય આવે છે પરંતુ આપણી અવિરલ દૃષ્ટિ તો આપણા અખંડ દર્પણ પર જ કેન્દ્રિત રહે છે. જો આપણી દૃષ્ટિ તે ખંડભાવો અને પ્રતિબિંબો ઉપર કેન્દ્રિત થઈ જાય અને આપણે દર્પણની અખંડતાને વિસ્મૃત કરી દઈએ તો આપણને લાગશે કે આપણા દર્પણમાં તો કોઈ મનુષ્ય અથવા મકાન પ્રવેશી ગયું, અને તેથી આપણે વિહ્વળ થઈ જઈશું; પરંતુ આ અનેકાકારોમાં પણ દર્પણ તો જેમનું તેમ વિદ્યમાન છે. આ દૃષ્ટિ અને પ્રતીતિ નિરાકુળતાને જન્મ દે છે.

અજ્ઞાની માને છે કે 'મને ધન મળ્યું,' પરંતુ વાસ્તવમાં અજ્ઞાનીના જ્ઞાનને પણ ધનનો એક આકાર માત્ર મળ્યો છે, ધન તો મળ્યું નથી જ. અજ્ઞાની ધન મળવાની કલ્પનાથી જ હર્ષિત થયા કરે છે. એ જ રીતે અગ્નિના સંયોગમાં અજ્ઞાની માને છે કે 'હું બળી રહ્યો છું, ' પરંતુ વાસ્તવમાં અગ્નિની જ્વાળા જ્ઞાનમાં બિંબિતમાત્ર થઈ રહી છે, જ્ઞાન તો બળી રહ્યું નથી. જો અગ્નિથી જ્ઞાન બળવા માડે તો અગ્નિની ઉષ્ણતાને કોણ જાણશે? પરંતુ અજ્ઞાની 'હું બળી રહ્યો છું,' આ કલ્પનાથી જ વિહ્વળ થઈ જાય છે. વાસ્તવમાં જ્ઞાનને જ્ઞેય પાસેથી તો કાંઈ પણ મળતું નથી, તે તો પોતાના તે જ્ઞેયાકારોમાં પણ એટલું ને એટલું જ રહે છે. આપણા દર્પણમાં પ્રતિબિંબિત કોઈ મહેલથી આપણે આપણને લાભ મળ્યો હોવાનું માનતા નથી અને તે મહેલ દર્પણમાંથી અદ્રશ્ય થઈ જતાં આપણે શોકાતુર પણ ક્યાં થઈએ છીએ? આ પરિસ્થિતિમાં હર્ષ કે શોક તો કોઈ બાળક (અજ્ઞાની) નું જ કાર્ય હોઈ શકે, પરંતુ આ દ્રષ્ટિ તો આપણને નિરંતર જ વર્તે છે. આપણા ઘરમાં સ્વચ્છ દર્પણ ઝૂલી રહ્યું છે અને આપણે એ પણ જાણીએ છીએ કે તે દર્પણમાં જગતના અનેક પદાર્થ પણ પ્રતિબિંબિત થાય છે. પરંતુ આપણા દર્પણમાં શું શું પ્રતિબિંબિત થાય છે એ આપણી દ્રષ્ટિનો વિષય નથી હોતો. પરંતુ તે પ્રતિબિંબો પ્રત્યે સદા આપણો ઉદાસીન ભાવ જ પ્રવર્તે છે. જે કાંઈ પ્રતિબિંબિત થતું હોય, તે દર્પણનો સ્વભાવ જ છે. દર્પણના સ્વચ્છ સ્વભાવનો વિશ્વાસ આપણને એ વિકલ્પ પણ ઊઠવા દેતો નથી કે તેમાં શું શું પ્રતિબિંબિત થાય છે? કેમ કે તે આપણા વિકલ્પ અથવા વ્યવસ્થાનો વિષય ન હોતાં દર્પણનો અકૃત્રિમ સ્વભાવ જ છે. તેમાં જે કાંઈ પ્રતિબિંબિત થાય છે તે બધું વ્યવસ્થિત જ છે, વ્યવસ્થા યોગ્ય નથી. તથા તે પ્રતિબિંબ મમતા કરવા યોગ્ય પણ નથી, કારણ કે તે પ્રતિબિંબોની મમતા ક્લેશકારિણી છે. દર્પણમાં તે પ્રતિબિંબોના આગમનથી જેવા આપણે હર્ષિત થઈશું, તેવા જ તેમનો દર્પણમાંથી વિલય આપણને શોક–સાગરમાં ડૂબાડી દેશે.

તેથી દર્પણ–વિશેષની દ્રષ્ટિથી ઉત્પન્ન કલ્પિત હર્ષ–શોકનો અંત દર્પણ–સામાન્યની દ્રષ્ટિથી જ સંભવ છે, અન્ય કોઈ રસ્તો નથી. આ જ પ્રમાણે જ્ઞાનમાં પ્રતિબિંબિત અનેક જ્ઞેયાકારરૂપ જ્ઞાનના વિશેષોમાં જો કે જ્ઞાન–સામાન્યની જ વ્યાપ્તિ છે, જ્ઞેયની વ્યાપ્તિ નથી; પરંતુ જ્ઞાનના તે વિશેષ વાસ્તવમાં આત્માને માટે જાણવા માત્ર સિવાય, અન્ય કોઈ પણ પ્રયોજનની વસ્તુ નથી. જ્ઞાનમાં તે સ્વતઃ સહજ ભાવે નિર્મિત થયા કરે છે. જેમ કે જ્ઞાનમાં જે ઘડો પરિણમ્યો તે ઘટાકાર સ્વયં જ્ઞાન જ છે પરંતુ આત્મા તે ઘટાકાર જ્ઞાનનું શું કરે? તેથી નિરંતર 'હું તો જ્ઞાન જ છું, ઘટ નથી'–આ સામાન્યની દ્રષ્ટિ અને અનુભૂતિ જ શાંતિ આપનાર છે.

જ્ઞાન સ્વભાવની પ્રતીતિ અનંત પ્રશ્નો, અગણિત ઘટના–ચક્રો તથા અસંખ્ય પરિસ્થિતિઓનું એક માત્ર સમાધાન છે. તે દ્રષ્ટિમાં શુદ્ધ અખંડ એકરૂપ જ્ઞાન સિવાય આત્મામાં કાંઈ ભાસતું જ નથી. 'હું તો જ્ઞાનનો ધ્રુવતારો છું. ' આમાં આત્માની સાથે દેહ, કર્મ અને રાગનો સંબંધ પણ ક્યાં રહ્યો? રાગ તો આત્મા અને કર્મની સંયોગી દ્રષ્ટિમાં ભાસિત થાય છે. જેમ જળ ને કાદવ સહિત દેખતાં મલિનપણું અનુભવમાં આવે છે પરંતુ શુદ્ધ જળ સ્વભાવની સમીપ જઈને જોઈએ તો જળમાં કાદવ ક્યાં છે? જળ તો કાદવ સાથે પણ જળ જ છે. આ રીતે કર્મ અને આત્માની સંયોગી દ્રષ્ટિમાં આત્મામાં રાગ–દ્વેષ, પુણ્ય–પાપ દ્રષ્ટિગોચર થાય છે પરંતુ શુદ્ધ જ્ઞાનસ્વભાવની સમીપતામાં જ્ઞાનમાં ન રાગ છે, ન દ્વેષ છે, ન પુણ્ય છે, ન પાપ છે, ન દેહ છે કે ન મન–વાણી છે. કર્મ અને દેહના વિવિધ અણધાર્યા (–અપ્રત્યાશિત) પરિણામ જ્ઞાનનો સ્પર્શ પણ કરી શકતા નથી. પ્રલયકાળના ભયંકર વિનાશ વચ્ચે જ્ઞાની તો અનુભવ કરે છે કે મારા જ્ઞાનમાં પ્રલય થયો નથી. હું તો પ્રલયનો પણ જ્ઞાતા જ છું. પ્રલયનાં દ્રવ્ય જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે પરંતુ જ્ઞાન પ્રલયાકાર હોવા છતાં પણ જ્ઞાનમાં પ્રલયનો પ્રવેશ થતો નથી. જેમ સાગરને સમર્પણ કરાયેલો પુષ્પ–હાર અથવા પ્રહાર સાગરની છાતી ઉપર ચિત્રિત માત્ર થઈને રહી જાય છે અને સાગર રોષ અથવા તોષની વિષમ અનુભૂતિઓથી શૂન્ય એકરૂપ જ રહે છે. એ જ રીતે વિશ્વનું સર્વસ્વ જ્ઞાનમાં પ્રતિબિંબિત થવા છતાં પણ જ્ઞાની તે સંપૂર્ણ વિશેષોનો તિરોભાવ કરીને 'હું ત્રિકાળ જ્ઞાન જ છું; વિશ્વ નથી,' આ શુદ્ધ જ્ઞાનનું જ ચિરંતન સંચેતન કરે છે. જગતની ભયંકર પ્રતિકૂળતાઓ અને સાતમી નરકની યાતનાઓમાં પણ જ્ઞાનીને શુદ્ધ જ્ઞાનનું આ સંચેતન અબાધિત રહે છે. જ્યાં જ્ઞાનને દેહ જ નથી ત્યાં પ્રતિકૂળતાનું અસ્તિત્વ જ્ઞાનીની દુનિયામાં જ ક્યાં રહ્યું? પ્રતિકૂળતા અને નરકની યાતનાનો જ્ઞાનમાં પ્રવેશ જ નથી, તો પ્રતિકૂળતા અને યાતના જ્ઞાનને કેવી? આ રીતે જ્ઞાનના વજ્ર કપાટોનું ભેદન કરીને કોઈ (પદાર્થ) જ્ઞાનસ્વભાવમાં પ્રવેશી જ નથી શકતો. તેથી જ્ઞાન ત્રિકાળ શુદ્ધ, એકરૂપ જ રહે છે. આ જ જ્ઞાનના શુદ્ધ એકત્વમાં પ્રતિષ્ઠિત થઈને જ્ઞાની શુદ્ધ અનુભૂતિના બળથી વિકાર અને કર્મોનો ક્ષય કરતો થકો મુક્તિના પાવન પથ પર આગળ વધતો જાય છે અને અંતે મુક્તિ તેને વરી લે છે.

વાસ્તવમાં જ્ઞાનીને મુક્તિની પણ ચાહ નથી. જ્ઞાન તો ત્રિકાળ મુક્ત જ છે. તેને નવી મુક્તિ અથવા સિદ્ધદશાની પણ અપેક્ષા નથી. જ્ઞાન તો જગતનાં દ્રવ્ય–ક્ષેત્રના સ્વભાવથી સદાય મુક્ત પડયું છે. જ્ઞાન તો નરકમાં પણ મુક્ત જ છે. તે સદા જ્ઞાયક જ તો છે. તેના સિવાય અન્ય કાંઈ પણ કલ્પના તેના પ્રત્યે કરવી વ્યર્થ છે. તેને આસ્રવ અને

**[ અનુસંધાન પાનું ૨૭ પર ]**

આત્માના ગૂઢરહસ્યભૂત પરમાત્મસ્વરૂપને બતાવતાં સંતો ભવ્યને ઉત્સાહ આપે છેઃ હે જીવ! એક સમયના વિકલ્પને દેખીને તું ડર નહિ...મુંઝા નહિ. ઉલ્લસીત વીર્યથી મહિમા લાવીને તારી અંતર તાકાતને ઉછાળ!

સિદ્ધ ભગવાનમાં જેવી સર્વજ્ઞતા, જેવી પ્રભુતા, જેવો અતીન્દ્રિય આનંદ, અને જેવું આત્મવીર્ય છે તેવી જ સર્વજ્ઞતા, પ્રભુતા, આનંદ અને વીર્યની તાકાત તારા આત્મામાં પણ ભરી જ છે.

ભાઈ એકવાર હરખ તો લાવ કે અહો! મારો આત્મા આવો પરમાત્મસ્વરૂપ છે, જ્ઞાનાનંદની શક્તિથી ભરેલો છે, મારા આત્માની તાકાત હણાઈ ગઈ નથી. 'અરેરે! હું હીણો થઈ ગયો, વિકારી થઈ ગયો...હવે મારું શું થશે! એમ ડર નહિ, મુંઝા નહિ, હતાશ થા નહિ...એકવાર સ્વભાવનો ઉત્સાહ લાવ.....સ્વભાવનો મહિમા લાવીને તારી તાકાતને ઉછાળ.

અરે જીવ! એકવાર બીજું બધું ભૂલી જા ને તારી નિજ શક્તિને સંભાળ! પર્યાયમાં સંસાર છે, વિકાર છે–એ ભૂલી જા ને નિજશક્તિની સન્મુખ જો તો તેમાં સંસાર છે જ નહિ. ચૈતન્યશક્તિમાં સંસાર હતો જ નહિ, છે જ નહિ, ને થશે પણ નહિ. લ્યો આ મોક્ષ! આવા સ્વભાવની દૃષ્ટિથી આત્મા મુક્ત જ છે. માટે એકવાર બીજું બધુંય લક્ષમાંથી છોડી દે ને આવા ચિદાનંદ સ્વભાવમાં લક્ષને એકાગ્ર કર તો તને મોક્ષની શંકા રહેશે નહિ. અલ્પકાળમાં અવશ્ય મુક્તિ થઈ જશે.

અહો! આનંદનો દરિયો પોતાના અંતરમાં ઉછળે છે તેને તો જીવ દેખતો નથી ને તરણાં જેવા તુચ્છ વિકારને જ દેખે છે! અરે જીવો! આમ અંતરમાં નજર કરીને દરિયાને દેખો!....ચૈતન્યસમુદ્રમાં ડુબકી મારો!

# આગમ-મહાસાગરના અણમૂલાં રત્નો

* જેને સૂર્ય-ચંદ્ર આદિ પણ નાશ કરી શકતા નથી એવો પ્રબળ મોહરૂપી અંધકાર જે ગુરુઓના નિર્મળ વચનરૂપી કિરણોથી વાત-વાતમાં (ક્ષણમાત્રમાં) નાશ થઈ જાય છે, એવા તે ઉત્તમગુરુ આલોકમાં સદા જયવંત છે અર્થાત્ એવા ગુરુઓને હું નમસ્કાર કરૂં છું.
(પદ્મનંદી આચાર્ય)

* જેમ કોઈ પુરુષ રત્નદ્વીપને પામવા છતાં રત્નદ્વીપમાંથી રત્નને છોડી કાષ્ટ ગ્રહણ કરે છે, તેમ મનુષ્ય ભવ વિષે ધર્મભાવનાનો ત્યાગ કરીને ભોગની અભિલાષા કરે છે. (ભગવતી આરાધના)

* જે સાધુ એકાંત નિવાસને એક અદ્વિતીય ચક્રવર્તિપણા સમાન લેખે છે. શરીરના વિનાશને મનોવાંચ્છિત લાભ માને છે. લાભાંતરાયાદિ ઘાતીકર્મોના ક્ષયોપશમજન્ય સુખના ઉદયને મોક્ષના વિઘાતરૂપ પરમ દુઃખ સમજે છે, અને તેના પરિહારને જ જે સુખ શ્રદ્ધે છે, દુઃખી જીવોના દુઃખ પરિહાર પ્રસંગે આવી પડનારા દેહત્યાગ જેવા વિકટ પ્રસંગને સર્વસ્વ ત્યાગરૂપ મહોત્સવ માને છે, તેને આ ત્રિભુવનમાં કયો પદાર્થ કે પ્રસંગ સુખના હેતુરૂપ ન થાય? (આત્માનુશાસન)

* આ ગ્રંથ પ્રમાણ છે. આ કારણે મોક્ષાભિલાષી ભવ્ય જીવોએ આનો અભ્યાસ કરવો જોઈએ. કેમ કે આ ગ્રંથ અલ્પ છે અર્થાત્ મોક્ષરૂપ કાર્યને ઉત્પન્ન કરવા માટે અસમર્થ છે એવો વિચાર કરવો જોઈએ નહીં. કારણ કે અમૃતના સો ઘડાને પીવાનું ફળ અંજલિમાત્ર અમૃત પીવાથી પણ પ્રાપ્ત થતું જોવામાં આવે છે. (શ્રી ધવલ, પુસ્તક-૯)

* જ્યાં મારું શરીર પણ મારો ઉપકાર કે અપકાર કરવા સમર્થ નથી, ત્યાં બીજા મારો ઉપકાર કે અપકાર કરે છે તે વિચાર નિરર્થક છે.
(શ્રી અમિતગતિ-આચાર્ય)

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) આસો
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત ૩૩૫૦